


# સનાતન સારથિ ગુજરાતી

જાન્યુઆરી-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦

**Bhagawan Sri Sathya Sai Baba**
PRASANTHI NILAYAM P.O.
ANANTAPUR DT. (A.P.)
PHONE NO. 30

## Message

you as body, mind or soul are a dream. but what you really are is Existence, Knowledge, Bliss. You are the GOD of This universe. you are creating The whole universe and drawing it in. To gain The infinite universal individuality, The miserable little prison individuality must go. Bhakti is no crying or any negative condition. it is seeing of all in all we see. it is the heart that reaches the goal. follow the heart. A pure heart seeks beyond the intellect. it gets inspired.

Whatever we do reacts upon us. if we do good, we shall have happiness and if evil, unhappiness. within you is The real happiness, within you is The mighty ocean of nectar divine. Seek it within you, feel it, feel it; it is here, The self. it is not The body, The mind, The intellect, The brain. it is not the desire of The desiring. it is not The object of desire. Above all these, you are. All These are simply manifestations. you appear as The smiling flower, as The twinkling stars. what is There in The world which can make you desire anything?

With Blessings
Baba

## નૂતન વર્ષ સંદેશો

તમે, શરીર, મન કે આત્મા છો એ સ્વપ્નવત (માનવું) છે. હકીકતમાં તમે અસ્તિત્વ, જ્ઞાન અને આનંદ છો. તમે જ સૃષ્ટિના ઈશ્વર છો. તમે જ આખી સૃષ્ટિને રચો છો અને તેમાં રહો છો. અનંત વૈશ્વિક વ્યાપકત્વ પ્રાપ્ત કરવા માટે, જે સંકુચિત-દુઃખદાયી બંદીખાનાની બંધનયુક્ત વ્યક્તિતા છે તે જવી જોઈએ. (પ્રભુ માટે) આંસુ સારવા કે (દુઃખો/કષ્ટો ઝેલવા જેવી) નકારાત્મક સ્થિતિ હોવી એ ભક્તિ નથી; ભક્તિ તો છે આપણે જે પણ બધુ જોઈએ તેમાં જ બધાને જોવા.

હૃદય (હાર્ટ) એ જ લક્ષ્યને આંબી શકે છે, માટે હાર્ટને અનુસરો. શુદ્ધહૃદય એઉત્પ્રેરિત થઈને બુદ્ધિની પેલેપાર જઈને કાર્યકરે છે.

આપણે જે પણ કાંઈ કરીએ તે જ આપણી ઉપર પ્રતિક્રિયારૂપે આવે છે. જો આપણે સારૂ કરીએ તો આપણને આનંદ મળે છે અને ખરાબ કરીએ તો દુઃખજ મળે છે. તમારી અંદર જવાસ્તવિક આનંદ છે, તમારી અંદર જ દિવ્ય અમૃતનો સાગર છે. તમે એને પ્રાપ્ત કરો અને અનુભવો-એની પ્રચીતિ કરો-જાતે.તમે જે છો તે નથી શરીર-મન,બુદ્ધિકે મગજ; કાંઈક ઈચ્છવા માટેની આ ઈચ્છા નથી. ઈચ્છવાની તે કોઈ ચીજ નથી. તે બધાની ઉપર 'તમે' છો. આ બધા માત્ર નિદર્શનીય છે. તમે પ્રફુલ્લિત/હસતા પુષ્પ જેવા દેખાઓ, ચમકતા તારલાનીજેમ નજરે આવો. દુનિયામાં એવું તે શું છે કે તમે તેને ઇચ્છો છો?

**- આશીર્વાદ સાથે, બાબા**

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧**
**અંક : ૩૩૯/૦૧**


**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮£

**લવાજમ ની રકમ**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**

**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
"સાઇ આરોહ"
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com

ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**



તમારા જીવનમાં સાધનાનો, જપ અને ધ્યાનનો અને વિવેક - વિચક્ષણ અને વૈરાગ્યનો અભ્યાસ શરૂ કરો. પરંતુ, તેમાં નિયમિતતા અપનાવો - ગણત્રી પૂર્વક નં ટાઇમટેબલ બનાવો. જેમ ડૉક્ટર એક ચોક્કસ માત્રામાં દવા લેવાનું કહે છે (ડોઝ) તેમ તમારે પણ શારીરિક અને માનસિક કસરતો અને શિસ્તના અનુસંધાનમાં કેટલીક ચોક્કસ મર્યાદાઓ (ડોઝ) પાળવી જોઈએ. ઈશ્વરના નામ કે રૂપમાં તમને માની લો કે વિશ્વાસન ન હોય, કોઇ ચિંતા નહીં, સત્ય ને અપનાવો - પ્રેમને અપનાવો. તે ઈશ્વર તરફ લઇ જતો જ માર્ગ છે.

નિરાશ ન થશો, ડરશો પણ નહીં. ઈશ્વર તમને આ જંજાળમાંથી બચાવવા તો આવ્યા છે. તમારૂં કામ છે શાંતિ જાળવવાનું, બધાની સુખ અને સમૃધ્ધિ માટે પ્રાર્થના કરતા રહેવાનું, તમારો આનંદ વહેંચતા રહેવાનું અને બીજાનું દુઃખ દુર કરવા જેટલી થાય તેટલી મદદ કરવાની.

બસ આટલું કરો અને બીજુ બધુ ઈશ્વર પર છોડી દો.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

## અનુક્રમણિકા...

પા.નં.

૦૪ ભગવદ્ કૃપા પ્રાપ્ત્યર્થે સાધના કરો
દિવ્ય વાણી
૦૯ તમારી દિવ્યતા પ્રગટાવો - નૂતન વર્ષ સંદેશ
૧૬ આધ્યાત્મિક જીવન પર સ્વામીજીના સ્વસ્તિવચન
પી.એસ.એ.એસ. શ્રી નિવાસન ચેટ્ટીયાર
૨૧ દિવ્ય માતા તથા પિતાનું સમાધી (સ્મારક) સ્થળ
બીશુ પ્રસ્ટી
૨૫ આપણા પરમપ્રિય સ્વામી શ્રી સત્ય સાઈ એ સર્વજ્ઞ છે
કે. તિલ્લૈનયગમ
૨૬ શ્રી સત્ય સાઇ હાર્ટ હોસ્પિટલ - રાજકોટ અને અમદાવાદ
૨૭ મારા સ્વામીએ મને કેવી રીતે પસંદ કર્યો
મહેશ વિશનદાસ મન્યાલ
૩૧ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની અલૌકિક દુનિયા
એસ.એન. નાગાનંદ
૩૫ ભગવાન બાબાનું આરોગ્ય મંદિર
ડૉ.ડી.સી.સુંદરેશ
૩૮ બાબા આગને નિયંત્રણમાં લે છે
ચિન્નકથા

આપને અંક ન મળે તો પોસ્ટ દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.

સનાતન સારથિ તમામ ભક્તોને નવીન વર્ષ મંગલદાયક અને આબાદી પ્રદાયક નીવડે તેવી શુભેચ્છા પાઠવે છે.

# ભગવદ્ કૃપા પ્રાપ્ત્યર્થે સાધના કરો

## દિવ્ય ગુણો વિકસાવો

### દિવ્ય પ્રેમસ્વરૂપો !

દિવ્યતા પ્રાપ્તિ અને અનુભવ કરવાના પ્રયાસમાં, દિવ્ય વિચારો હોવા અને દિવ્ય કાર્યો કરવા આવશ્યક છે. ઘણાં લોકો આધ્યાત્મિક્તાના અનેક માર્ગો ઉપર આગળ ધપે છે અને પરિણામોની અપેક્ષા સેવતા હોય છે, પણ તે ત્યારે કે જ્યારે તેઓ નિરાશ અને હતાશ થઈ ગયા હોય છે. તેનું કારણ શું? પ્રત્યેક વ્યક્તિએ અન્વેષણ કરવાની જરૂર છે કે પોતે ભગવાનના આદેશનું અનુપાલન કરે છે કે નહીં. લોકો બેબાકળા બની જાય છે અને તેથી મુક્તિ પામી શક્તા નથી. પ્રત્યેક વ્યક્તિએ સાધનાના સર્વે પાસાંઓ જાણવા જરૂરી છે. મોટા ભાગના સાધક લોકો આજે સાધનાને જપ, ભજન, ધ્યાન, વગેરે, ગણે છે, પરંતુ આ બધા તો માત્ર લૌકિક સાધનો છે કેમ કે તેમાં તન, મન અને બુદ્ધિનો સમાવેશ થયો હોય છે. આપણે આ ત્રણેથી પર થવાનું છે કારણ કે તન હંગામી છે અને મન ચંચળ છે.

### સાધના દર્શાવે છે આધ્યાત્મિક સંપત્તિ.

સાધનાનો અર્થ શું? સ એટલે ઓળખ અથવા સમીપતા. ધના એટલે લૌકિક સત્તા, સમૃદ્ધિ, વગેરે, નહીં, પણ દિવ્ય સમૃદ્ધિકે સત્ય તથા તે સત્ય સાથેની એક્તા કે જે શાશ્વત,પ્રાચીન, વિશુદ્ધ અને નિષ્કલંક છે. આવી સત્તાને સાધના કહેવામાં આવે છે. આધ્યાત્મિક સાધના એટલે ફક્ત આંખો બંધ કરીને અંગોનું નિયંત્રણ કરવું એવું નથી. આપણે જે પર્યાવરણમાં રહીએ છીએ તેને પણ સમજવાનું છે અને તે પછી જ આપણે ભગવદ્કૃપા મેળવી શકીશું. આપણે ગરમી-ઠંડી, વરસાદ-તડકો, સુખ-દુઃખ, નફો-નુકસાન જેવી તમામ વિષમ વસ્તુઓને સમાન રીતે સહન કરવાની છે. મહર્ષિ વ્યાસે આપણને વેદનો સારાંશ બે વાક્યોમાં શીખવ્યો છે : (૧) અન્યોની સેવા કરવી પુણ્ય છે (૨) અન્યોને નુકસાન પહોંચાડવું પાપ છે.

શબ્દ 'પરોપકાર' માં ત્રણ અક્ષરો સમાયેલા છે- 'પર', 'ઉપ' અને 'કાર'. 'પર' એટલે સર્વોચ્ચ ધામ; 'ઉપ' એટલે સમીપ અને 'કાર' એટલે કરવું કે જવું. પરોપકારનો અર્થ વ્યક્તિએ ભગવાનની સમીપ જવા સત્કાર્ય કરવું જોઈએ અને અન્યોની મદદ કરવી જોઈએ. આ જ યથાર્થ આધ્યાત્મિક પથ છે, ઉપનિષદોનો મર્મ છે. 'ઉપનિષદ' શબ્દમાં, 'ઉપ' એટલે પાસે અને 'ષદ' બેસવું. પાસે બેસવું એનો અર્થ શું થાય? તેનો નિર્દેશ એવો છે કે ઉચ્ચસ્તરે રહેલા ગુરૂ (ભગવાન) નાં ચરણોમાં બેસવું. તમામ આધ્યાત્મિક ગ્રંથો ભગવાનની નિકટ કેવી રીતે જવું તે શીખવે છે. જ્યારે ગરમી હોય ત્યારે ઠંડક અને આરામ માટે 'એરકન્ડીશનર' પાસે જવામાં આવે છે, તે પ્રમાણે, જ્યારે ભગવાન પાસે જવામાં આવે છે ત્યારે દિવ્ય ગુણોનો વિકાસ થાય છે. આ સાધના છે.

'પાપ' એટલે શું? બીજાને ઈજા કે નુકસાન પહોંચાડવું એ પાપ છે. એક્તાને વિભાજિત (તોડવી) કરવી, તેમાં અસમાનતા ઉભી કરવી અને એકતાને ભૂલી જવી એ પાપ છે. નામ અને રૂપો બદલાયા કરે પણ આત્મા એક જ છે. કહ્યુ઼ં છે કે'ઈશ્વર સર્વ ભૂતાનામ્' દર્શાવે છે કે ઈશ્વર દરેક વ્યક્તિમાં વાસ કરે છે. પ્રભુ અને પ્રકૃતિનું જોડાણ છે જેમાં પ્રભુ કારણ છે અને પ્રકૃતિ અસર છે. કારણ વિના કાર્ય (અસર) હોઈ શકે જ નહીં. એકતાને વિવિધતા ગણવી એ પાપ છે. આધ્યાત્મિક પથ અતિ સરલ છે પણ આપણી અજ્ઞાનતાને કારણે આપણે ગૂંચવાઈ ગયા છીએ. સ્વીકારો કે જે કંઈ થાય છે તે પોતાના અને વિશ્વના ભલા માટે છે. જો તમારી આકાંક્ષા સંતોષાઈ નહીં હોય તો ખોટી લાગણી જન્માવશો નહીં.

**<u>માત્ર ભગવાન માટેની જ ઇચ્છા હોવી જોઈએ.</u>**

તમે એક નહીં પણ ત્રણ છો: તમે વિચારો છો તેવા તમે છો (તન), બીજા લોકો વિચારે છે તેવા તમે છો (મન) અને સાચે જ, તમે જેવા છો તેવા. દાખલા તરીકે, એક કપડાનો ટુકડો લો. તેમાં રૂ, દોરાઓ અને કપડું છે. આપણી ઘણી ઇચ્છાઓને દોરાઓ સાથે સરખાવી શકાય. જો તે એક પછી એક કાઢતા જશો તો કપડું રહેશે જ નહીં- અદ્રશ્ય થઈ જશે. તેવી જ રીતે, ઇચ્છાઓ કાઢી નાખ્યા પછી મન પણ અદ્રશ્ય થઈ જશે. ઓછો સામાન, વધુ આરામ- જીવનરૂપી યાત્રામાં પ્રવાસને આનંદિત- સુખદાયક-બનાવી દે છે. ફક્ત ભગવાન માટેની જ આકાંક્ષા રાખો. આ અદ્વિતીય, નવીન ઇચ્છા વિકસાવો અને ભગવાનના આદેશને અનુસરો. ભગવદ્ પ્રાપ્તિની જ ઇચ્છા માટે, ભગવાનના આદેશનું પાલન કરવા માટે,શ્રદ્ધા અને દ્રઢ નિશ્ચય કેળવો તથા વિશ્વાસ રાખો કે ભગવાન જે કંઈ કહે છે તે તમારા ભલા માટે જ છે.

ભારત દેશમાં પૂર્વકાળે એક રાજા હતો જે અમુક તહેવારમાં શેરડીનો રસ પીવામાં માનતો હતો. રાજાએ પોતે જ શેરડી કાપવાનો નિર્ણય કર્યો. આ કાર્યમાં રાજાને કશો અનુભવ ન હોવાથી, ભૂલથી પોતાની જ આંગળી કાપી નાંખી. તેના પ્રધાને કહ્યું, "રાજા, આપના ભલા માટે જ તેમ થયું છે". રાજા અત્યંત ક્રોધાવેશમાં આવી ગયો અને પ્રધાનને કારાવાસમાં ધકેલી દીધો. પ્રધાને કહ્યું કે કારાવાસમાં મને નાંખ્યો છે તે પણ મારા સારા માટે જ છે. એક દિવસ રાજાએ જંગલમાં જવાનું નક્કી કર્યું અને થોડા વખત પછી, વૃક્ષ નીચે આરામ ફરમાવવા રોકાઈ ગયો. આરામ કરી રહ્યો હતો તે દરમ્યાન, રાજાએ નજીકના એક આદિવાસી રાજા અને તેના સદસ્યોને એવી વાતચીત કરતાં સાંભળ્યા કે તે લોકોને બલિદાન માટે એક પૂર્ણ માનવની જરૂર હતી. તેમણે થોડા વખતમાં જ આ રાજાને શોધી કાઢ્યો અને ખુશખુશ થઈ ગયા. પેલા બધાએ રાજાને પકડીને, નવડાવી - ધોવડાવીને બલિદાન માટેની બધી તૈયારીઓ કરી દીધી. તેવામાં અચાનક તેમની નજર અકસ્માતે કપાઈ ગયેલી પેલી આંગળી ઉપર પડી. એટલે, તે

રાજા એક અપૂર્ણ માનવી છે એમ સમજીને રાજાને છોડી મૂકવાનો નિર્ણય કર્યો. રાજા તેના રાજ્યમાં પાછો આવી ગયો. તેણે વિચાર્યું, "પ્રધાને જે કંઈ કહ્યું હતું તે ખરેખર સાચું જ હતું. મારી આંગળી કપાઈ ગઈ તે મારા ભલા માટે જ હતી". તે જેલમાં ગયો અને પ્રધાનને કહ્યું કે તમે જે કહ્યું હતું તે સાચું હતું અને પ્રધાનને કારાવાસમાંથી મુક્ત કર્યો.પ્રધાને કહ્યું, "જી, હા, મારે માટે કારાવાસ પણ મારા ભલા માટે જ હતો. જો હું તમારી (રાજાની) સાથે સાથે જંગલમાં આવ્યો હોત તો, ઊલટું, તેઓએ મારું જ બલિદાન કરી દીધું હોત. હવે રાજાને લાગ્યું કે જે બધું થાય છે તે દૈવી ઈચ્છા મુજબ જ થતું હોય છે. રાજાએ કહ્યું, "સુખ અને દુઃખ મારે મન સરખા જ છે, ભલા માટે છે. ભગવાન મારે માટે જે કંઈ પસંદ કરે છે તે મારા ભલા માટે જ છે." દરેક જણને આ સત્યનું પૂરેપૂરું જ્ઞાન હોવું જોઈએ. આ સાધના છે.

સાધના ફક્ત જપ, વિધિ-વિધાન, ભજનો, વગેરે, નથી. સર્વે સાધનાનો મર્મ છે ભગવાનના આદેશને તાબે થવું. ભગવાનના ખજાનામાં અનેક રત્નો અને અમૂલ્ય વસ્તુઓ છે. ભગવાનનો સ્વભાવ કેવો છે? તમે જેટલું માનો છો તેથીયે અધિક આપવાનો તેમનો સ્વભાવ છે, પરંતુ જો તમે માંગણી કરશો તો તમારી પ્રાર્થનાઓ નહીં પણ સંતોષાય!

"હે મન, માંગીશ માંમાંગીશ મા. જેમ વધુને વધુ વખત માંગણી કરશો તેમતેમ તે પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવશે. ભગવાન તમારી પાત્રતા પ્રમાણે જ,નહીં માંગશો તો પણ આપી દેશે. શબરીએ માંગણી નહોતી કરી છતાં શું ભગવાને તેની ઇચ્છાને પૂર્ણ કરી નહોતી ? પોતાના હેતુ માટે બલિદાન આપનારા જટાયુને શું ભગવાને મુક્તિ નહોતી આપી? (તેલુગુ કવિતા).

જ્યારે તમે ભગવાનના આદેશનું અનુસરણ કરો, પૂર્ણભાવથી શરણાગતિ સ્વીકારીને ભગવદ્‌પૂજનકરો, તો માંગવા કરતાં પણ ભગવાન અધિક આપી દેતાં હોય છે. તે જ ખરી સાધના છે

એક વખત જંગલમાં રામ લક્ષ્મણ અને સીતા જઈરહ્યા હતા ત્યારે રામચંદ્ર થાકી ગયા હોવાનો ઢોંગ કરીને એક જગ્યાએ બેસી ગયા અને લક્ષ્મણને કહ્યું કે તેની પોતાની પસંદગીની જગ્યાએ કુટિર બનાવે. લક્ષ્મણ બેસી પડ્યા અને એકદમ રોવા લાગ્યા. રામે પૂછ્યું, "તું શા માટે રડે છે? કેમ, શું થયું?". "મારું સર્વસ્વ આપને અર્પણ કરી દીધું છે, તો પછી હવે મારી પસંદગી જુદી રહી જ કયાં? આપને પસંદ હોય તે જ વસ્તુ તોહું કરું છું. મેં મારું તન, મન, ઇંદ્રિયો, બધું જ આપને સમર્પિત કરી દીધું છે.અંદરથી હું ખાલી થયો છું. મારુ પોતાનું કશું રહ્યું જ નથી,"લક્ષ્મણે ખરેખર સર્વસ્વ રામને સમર્પણ કરી દીધું હતું. રામ બોલ્યા, "જી,આ મારી ભૂલ હતી". રામે લક્ષ્મણને છાતી સરસોચાંપ્યો અને કહ્યું, "આદર્શ પત્ની કે માતા મેળવવી સહેલી છે, પરંતુ તારા જેવો ભ્રાતા મળવોઅશક્ય છે. દિવ્ય પ્રેમની કોઈ મર્યાદા નથી".

વિશ્વ ક્ષણભંગુર છે અને દારુણ છે-

કંગાલિયતથી ભરપૂર છે. આજે પ્રેમ, પૂજા, તથા અન્ય કાર્યો માત્ર દેખાવના છે; ખરી આધ્યાત્મિકતાની સાધના નથી. જો તમે પ્રભુના આદેશોનું પાલન કરો નહીં તો તમારી પૂજા-અર્ચના નિરર્થક છે. કોઈએ પણ બે-મન કરવાની જરૂર નથી. દ્વૈતથી ભરપૂર મન અર્ધ અંધ છે. જો તમારામાં મારા-તારાની ભાવના હોય તો તે વેપારી-ભાગીદારી થઈ; ભગવાન અને ભક્ત દરમિયાન કોઈ વેપાર હોવો જોઈએ નહીં. ત્યાં માત્ર દિવ્ય સંબંધ હોવો જોઈએ. આપો અને સદા આપતા રહો. કશી આશા અપેક્ષા વિના આપ્યે જાવ. તેજ તમારી ફરજ છે. પવિત્રતામાં હૃદયને સાચવી રાખવું એ આધ્યાત્મિક સાધના છે. દ્વૈતભાવવાળાં વર્તન-વલણમાં કશું ડહાપણ-જ્ઞાન નથી. જ્ઞાન એટલે શું? અદ્વૈત એ જ્ઞાન છે. બીજા વિના એક ને ઓળખવવું એ જ્ઞાન છે.

## લગામહીન સ્વતંત્રતા માનવીને ખોટે માર્ગે લઈ જાય છે.

આજે લોકો સ્વતંત્રતાની વાત કરે છે. તેઓ સ્વતંત્રતાનો અર્થ સ્વેચ્છા કરે છે. પરંતુ, સ્વેચ્છા તમને પસંદ હોય તેમ કરવાનું કહેતી નથી. સ્વેચ્છાનો અર્થ શું? સ્વ + ઇચ્છા = સ્વેચ્છા. સ્વ એટલે આત્મા અને ઇચ્છા એટલે આકાંક્ષા. એટલે આત્માની ઇચ્છાએ સ્વેચ્છા. તે મનની ઇચ્છા નથી, તે બુદ્ધિની ઇચ્છા નથી, તે આત્માનીઇચ્છા છે. શરીર પાણીના એક પરપોટા જેવું છે અને મન એક પાગલ મર્કટ જેવું છે. શરીર અને મનનું અનુસરણ કરશો તો ખોટે માર્ગે ચાલ્યા જશો. તેથી, શરીરને અનુસરશો નહીં, મનને અનુસરશો નહીં. આત્માને અનુસરો. તો જ તમે ભગવદ્ કૃપા પ્રાપ્ત કરી શકશો. તન, મન અને બુદ્ધિની લગામ રહિત સ્વતંત્રતાથી તમે ભગવાનની કૃપા મેળવી શકો નહીં. જ્યારે તમને આ સત્ય સમજાશે ત્યારે તમે ભગવદ્ કૃપાની પ્રાપ્તિ કરી શકશો. તેથી જ, સાધનાનો અર્થ ફક્ત ધ્યાનમાં બેસવાનો અને જપ કરવાનો નથી. તેના અનેક પાસાંઓ છે.

આપણે એ પણ જાણવું જોઈએ કે સુખ અને દુઃખ જુદાં નથી.દુઃખ વિના સુખની કશી કિંમત નથી. સુખએ બે દુઃખોવચ્ચેનો મધ્યાંતર છે. રાત્રિ વિના દિવસની કશી કિંમત નથી. આપણે સુખ અને દુઃખ બંનેને એક સમાન વિચારથી સ્વીકારવા જોઈએ. આપણાં તમામ અનુભવો, પસાર થતાં વાદળાં જેવા હંગામી છે, તે કાયમી નથી. સાધના શીખવે છે કે સુખ અને દુઃખના તાણા-વાણા એકબીજા સાથે જોડાયેલા છે. દરેક સ્થિતિમાં સમાનતા જાળવવામાં જ સાધનાનું મહત્વ રહેલું છે. ભગવાનનો કોઈ સ્વાર્થ નથી તેઓ સદંતર નિ:સ્વાર્થ છે. તેઓ જે કંઈ કરે છે તે ભક્તોના ભલા માટે કરે છે. ભગવાનનાં કાર્યો સામે કદીયે સવાલ ઉઠાવવો જોઈએ નહીં. તેઓ પ્રેમસ્વરૂપ છે અને પૂર્ણપણે નિ:સ્વાર્થ છે. માનવીએ ભગવાનને અનુસરીને નિઃસ્વાર્થ પ્રેમ કેળવવાનો છે. ભગવાન સમગ્રતયા પૂર્ણ છે એટલે ભગવાનને પામવા માટે માનવીએ સંપૂર્ણપણે શરણાગતિ સ્વીકારવી જોઈએ.

ઇટલીમાં એન્ટોની નામનો એક પ્રખ્યાત

વાયોલિન બનાવનારો રહેતો હતો. તે અતિસુંદર વાયોલિન બનાવતો હતો અને એક વાયોલિન બનાવવામાં તેને એક વર્ષ થતું હતું. તેના મિત્રો મશ્કરી કરતાં તેને કહેતાં, “એક વાયોલિન બનાવવા માટે તને એક વર્ષ થાય છે તો તારાં કુટુંબનું ભરણપોષણ કેવી રીતે કરશે? તું ખરેખર મૂર્ખ છે”. એન્ટોનીએ જવાબ આપ્યો, “ હું જે કંઈ કરું છું તે ચોક્કસ રીતે જ કરું છું. ભગવાન પૂર્ણ છે. જો એકાદ તાર પણ અપૂર્ણ રહી જાય તો તે ભગવાનને દગો દેવા બરોબર છે. તેથી, હું ગમે તેમ કરતો નથી. હું ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા સર્વ પ્રકારે વાયોલિનને સંપૂર્ણપણે ચોક્કસ બનાવવા માંગુ છું”. કામ ગમે તેટલું નાનું કે મોટું હોય, તે ચોક્કસ રીતે જ થવું જોઈએ. ઈશુ ખ્રિસ્તે કહ્યું હતું,“સ્વર્ગમાં પ્રભુ પૂર્ણ છે. હું પણ તેમના જેવો પૂર્ણ છું. નહીં તો, હું તેમનો યોગ્ય પુત્ર હોત જ નહીં”.

ભગવાન કરુણા, પ્રેમ અને ભલાઈનું સ્વરૂપ છે આપણે તેમના જેવી જ પૂર્ણતા દુનિયામાં દર્શાવવી જોઈએ. આ જગતમાં પૂર્ણતા પામવા આપણે એકેએક જણની સાથે પ્રેમાળ બનવાની જરૂર છે.એક સાચો સાધક માને છે કે ભગવાન પૂર્ણ છે અને તેથી તેણે પણ તેવી જ પૂર્ણતા પ્રાપ્ત કરવી જોઈએ.

પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ પૂર્ણાત પૂર્ણમુદચ્યતે।
પૂર્ણસ્યપૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

આ પૂર્ણ છે, પેલું પૂર્ણ છે. જ્યારે પૂર્ણમાંથી પૂર્ણને લઈ લેવામાં છે ત્યારે જે શેષ રહે છે તે પણ પૂર્ણ જ છે. ભગવાન પૂર્ણ અને અસીમ છે. તેથી ભક્તનો સ્વભાવ પણ પૂર્ણ અને અસીમ હોવો જોઈએ. સદા પૂર્ણતાનો અનુભવ કરો. તે ભગવાનનો મહાઆદેશ છે. તે જ ખરી સ્વતંત્રતા છે. ભગવાનના આદેશનું પાલન જ આધ્યાત્મિક સ્વતંત્રતા ભણી દોરી જાય છે.

## ફક્ત ભગવાન જ તમારો સાચો મિત્ર છે.

કલિયુગમાં સારા મિત્રો મળવા મુશ્કેલ છે, છતાં પણ, સારા મિત્રો બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ. જ્યાં સુધી તમારી પાસે પૈસા છે ત્યાં સુધી બધાં આવીને તમને 'હલો' 'હલો' કરવા આવ્યા કરશે અને જ્યારે ખિસ્સા ખાલી થઈ જશે ત્યારે કોઈ 'આવજો' કહેવા પણ ઊભા રહેશે નહીં. તેવા લોકો સાચા મિત્રો નથી. ટાંકીમાં પાણી છે ત્યાં સુધી હજારો દેડકાંઓ ત્યાં જોવા મળશે પણ ટાંકી સુકી થઈ જશે તો ત્યાં એકે દેડકો જોવા મળશે નહીં. દુન્યવી મિત્રો તેના જેવા જ હોય છે. તમારો એકમાત્ર સાચો સખો ઈશ્વર છે જે તમારી ભીતર છે, તમારી ઉપર છે, તમારી ચોપાસ છે. ભગવાન ખરી સ્વતંત્રતાનું સ્વરૂપ છે. તેથી, આપણે ભગવાનમાં શ્રદ્ધા રાખવી જોઈએ. ભગવાનમાં આપણી શ્રદ્ધા દ્રઢ હોવી જોઈએ, એકદમ સ્થિર હોવી જોઈએ. આને માટે આપણે સંપૂર્ણ રીતે શરણાગત થવાની જરૂર છે.

તે પ્રેમ છે. પ્રેમનો અહેસાસ કરો. પ્રેમનું પૃથક્કરણ ન કરો. તેનો આસ્વાદ માણો. જ્યારે તમે દિવ્ય પ્રેમમાં તન્મય થઈ જશો ત્યારે તમે અન્ય બીજા કોઈનો નહીં, પણ માત્ર ભગવાનનો જ વિચાર કરશો. એક વખત શ્રી રામકૃષ્ણ પરમહંસ તેના શિષ્ય પરમાનંદને

નદીએ લઈ ગયા અને તેને મસ્તક પકડીને પાણીમાં ડૂબાવી દીધો. પરમાનંદ હાંફળો-પાપળો, હવાતિયાં મારવા લાગ્યો. શ્રીરામકૃષ્ણ પરમહંસે શિષ્યનું મસ્તક ખેંચીને પાણીમાંથી બહાર કાઢ્યો અને પૂછ્યું, " જ્યારે તારું મસ્તક પાણીમાં હતું ત્યારે તને શેનો વિચાર આવ્યો હતો?" પરમાનંદે ઉત્તર આપ્યો, " મને શ્વાસ લેવા માટે મુશ્કેલી પડતી હતી એટલે પાણીમાંથી બહાર નીકળવા સિવાય બીજો કોઈ વિચાર આવતો નહોતો". તે જ પ્રમાણે, જ્યારે તમે દિવ્ય પ્રેમમાં ડૂબેલા હશો ત્યારે તમે માત્ર ને માત્ર ભગવાનનો જ વિચાર કરશો. ખરી એકાગ્રતા આ જ છે. કાલ(સમય) ભગવાન છે. તમારાં જીવનની પ્રત્યેક પળે ભગવાનને પ્રેમ કરતાં રહો.

"પ્રેમ મુદિત મનસે કહો રામ રામ" ભજન ગવડાવીને ભગવાને તેમના પ્રવચનની પૂર્ણાહુતિ કરી.

---

**(તા.૮ મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતેનું ભગવાનનું દિવ્ય પ્રવચન).**

# તમારી દિવ્યતા પ્રગટાવો

ઈશ અને વિશ્વ તો અનિવાર્યપણે એકરૂપ જ છે,
આ સત્ય વદે છેસાઈ.
વિલક્ષણ આ જગમાં જે દ્રશ્યમાન નથી,
તે આત્મા વૈશ્વિક ચેતનારૂપે
અંતરસ્થ-વ્યાપક છે.
મોતીના હારમાં રહેલ ધાગાની
જેમ સમસ્ત વિશ્વને જોડે છે.
વિશ્વમાં બનતી સર્વ ઘટનાઓ કાળાધીન છે.
(કાળના આદેશ પર આધારિત)
ઈષ્ટ અને અનિષ્ટકાળ આધારિત છે.
શ્રીમંતાઈ અને દરિદ્રતા પણ સમયને આધીન છે.
સર્વ ચીજોનોનિર્ણાયક સમય જ છે
સકળ સૃષ્ટિમાં એવું કશું જ નથી
જે સમયને આધીન ન હોય
આ પૂર્ણ સત્ય છે.

## માત્ર અલૌકિક - દિવ્ય દ્રષ્ટી જ પરમસુખ બક્ષે છે

વ્હાલા દિવ્યપ્રેમસ્વરૂપો.

સમયની પવનચક્કી તો ખૂબજ ઝડપથી ફરતી રહે છે. બરફનો ટૂકડો જેમ ઝડપથી પીગળે છે તે જ ઝડપે મનુષ્યનું જીવન હરપળે ઘટતું જ જાય છે. માનવીનેપોતાની ફરજ કે કર્તવ્યનું ભાન થાય તે પહેલાં જ સમય વીતી જાય છે. માનવદેહ એટલી સહજતાથી અને સરળતાથી પ્રાપ્ત થતો નથી. અને માટે જ માનવજન્મના મૂળ લક્ષ્ય-હેતુને સમજ્યા વિના જ જીવનનો અંત આણવો એ યોગ્ય નથી.

માનવ જીવનનો હેતુ સમજવો અને જીવનને પવિત્ર ધન્ય બનાવવાનું પ્રત્યેક માનવ જીવનનું પવિત્ર કર્તવ્ય છે. પ્રભુએ બક્ષેલ સંકલ્પશક્તિથી કંઈ પણ સિદ્ધ કરવા

માનવી શક્તિમાન છે. પરંતુ કોઈપણ કાર્ય શરૂ કરે તે પહેલાં માણસે પોતાની મર્યાદા અને જવાબદારીનું ભાન રાખવું જોઈએ.

આજનો માનવી સર્વ બુધ્ધિમાન અને અવકાશમાં સંશોધન કરવાનો દાવો કરે છે પરંતુ તે પરમશાંતિ કે પરમાનંદની ખોજ કરવા અશક્તિમાન છે. તે તારા અને ગ્રહોની શોધ કરે છે કે ચંદ્ર પર ચાલી શકે છે પરંતુ તે પોતાના સ્વગુણો કે સ્વલક્ષણોને સમજી શકતો નથી. તે પરમ પૂર્ણ ચેતનાનો અનુભવ કરી શકતો નથી. આ ચેતનાને પાર્થિવ જ્ઞાન સાથે કોઈ સંબંધ નથી. તેની પ્રાપ્તિ તો પોતાના ભીતરનું-આંતરદર્શન કરવાથી જ થઈ શકે. જ્યારે તેનામાંસંગત (પૂર્ણ ચેતના) જાગે ત્યારે જ તેનું દર્શન થઈ શકે. આ અલૌકિક- પૂર્ણ ચેતના તમને પરમ આનંદ બક્ષી શકે છે.

<u>બંધનનું મૂળ કારણ.</u>

જ્યારે માણસ બંધનની વાત કરે છે તો બંધન શું છે? જ્યારે માનવી એ બંધન વિશે પૂર્ણપણે જાણી શકે ત્યારે જ તેમાંથી મુક્ત થવાનો માર્ગ શોધી શકે. પત્ની અને બાળકો માણસને બંધનકર્તા છે? ના. શું સંપત્તિ બંધન કારક છે? તો ના, ભૌતિક મહેચ્છા બંધન કર્તા છે? ના. બંધન નું સાચું કારણ પોતાની જાતની- સ્વઓળખ મેળવવામાં મળેલ નિષ્ફળતા છે. જે વ્યક્તિ પોતાના સ્વત્વ ને જાણી શકતો નથી, જે પોતાનું સ્વ દર્શન કરી શકતો નથી તે કદી ગ્લાનિથી મુક્ત બનતો નથી. અને જ્યાં સુધી મનમાં ગ્લાનિછે ત્યાં સુધી પરમાનંદનો અનુભવ થઇ શકતો નથી.

તો માનવીને ચારેકોરથી ઘેરી લેતી ગ્લાનિ શું છે? તે માણસ ને ત્રણ બાજુથી- ત્રણ રીતે ઘેરી લે છે. અને ઘણી રીતે રીબાવે છે. પીડાકારક બને છે. ગ્લાનિનું એક મૂળ અસત્ છે. બીજું કારણ તમસ્ છે અને ત્રીજું કારણ મૃત્યુ છે. આના જ અનુસંધાને વેદાંત ત્રણ શ્રેણીઓ વર્ણવે છે: પ્રકૃતિ (સ્વભાવ), જીવાત્મા અને પરમાત્મા. જેનો ત્યાગ કરવા જેવો છે તે વૃત્તિ. જ્યાં સુધી માણસ છોડે નહીં ત્યાં સુધી તેને પરમસુખકે પરમશાંતિનો અનુભવ થતો નથી. જેને જાણવું આવશ્યક છે તે વિશે જ્યાં સુધી તેને જ્ઞાન ન થાય ત્યાં સુધી પરમાનંદનો અનુભવ શક્ય નથી. જ્યાં સુધી માનવી પોતાના પરમ લક્ષ્ય ને પામવા માટે પ્રતિબદ્ધ ન બને ત્યાં સુધી તે પરમાનંદને પામી શકે નહીં. પરમાનંદ તેની પકડમાં જ ન આવે.

<u>જગત પ્રત્યેનો મોહ ત્યાગો.</u>

માનવીએ શું છોડવું જોઈએ? માણસે શું જાણવું આવશ્યક છે? તેનું લક્ષ્ય શું છે? જેનો ત્યાગ કરવા જેવો છે તે છે "જગત્ ભાવમ્ (દુનિયા માટે આશક્તિ)". આનું કારણ છે કે આત્મા ઈશ્વરથી અલગ નથી.ઈશાવાસ્યમ્ ઈદમ્ જગત્. સમસ્ત વિશ્વમાં ઈશ્વરતત્વ વ્યાપક છે. વિશ્વમ વિષ્ણુ સ્વરૂપમ્ સમસ્ત વિશ્વ વિષ્ણુનું સ્વરૂપ છે. આ પવિત્ર સત્યની અવહેલના કરીને માનવી ભૌતિક આસક્તિનો ભોગ બન્યો છે. આ જગતને માત્ર ભૌતિક કે ભૌગોલિક સ્વરૂપ ન સમજતાં તે દિવ્ય સ્વરૂપ છે એ દ્રષ્ટિ કેળવવી જોઈએ. જ્યારે માનવીનું હૃદય પ્રભુ સ્મરણ- ઈશ્વર સ્મૃતિથી સભર હોય

તો તે ગ્લાનિમુક્ત બની રહે છે. અને માટે જ ભૌતિકતાનો ત્યાગ કરવો જોઇએ. અને માત્ર ત્યારે જ આત્માનંદની પ્રાપ્તિ થઈ શકે.

બીજી વસ્તુ છોડવાની છે તે છે જીવ-ભાવ(વિભક્ત) વ્યક્તિભાવની લાગણી.જીવ કોણ છે? જીવ પરમાત્મા જ છે. જીવનો નિવાસ આપણા શરીરમાં જ છે. આપણું હૃદય જ પ્રભુનું નિવાસસ્થાન છે. જીવ અને ઈશ્વર સાથે જ આવે છે અને પરસ્પર સહયોગ સાધે છે. કઠપૂતળીઓનું દિગ્દર્શન કરનાર એક નિર્દેશક છે. કઠપૂતળીઓમાં સારું અને નરસું બંનેનો વાસ છે. જીવાત્મા અને દિવ્યત્વ એ બન્ને એકબીજાથી અલગ નથી. અજ્ઞાનવશ્ માણસ આ સત્યને વિસરી જાય છે. અને ખોટી ભ્રમણામાં રાચે છે જેથી જીવનમાં શોક અને ગ્લાનિ વ્યાપે છે. ભયભીત થયેલો માનવી દોરડું જુએ અને તેને સાપનો ભ્રમ થાય તેના જેવું છે. જ્યારે સત્ય સમજાય ત્યારે ભય દૂર થાય છે. આ કારણે માનવી જગતને એક અલગ જ અસ્તિત્વ માને છે. તેની અલગ ઓળખ માને છે-જીવ તત્વ. પરંતુ વાસ્તવમાં તે દિવ્ય જ છે. જ્યારે માનવી વિશ્વનું અલૌકિક-દિવ્ય સ્વરૂપ સમજે-સ્વીકારે ત્યારે અલગતા વાદ - વિભક્ત ભાવની તેની ભ્રમણા દૂર થાય છે.

---

પ્રભુનો ઝળહળાટ પ્રકાશે છે સમગ્ર વિશ્વમાં;
સમગ્ર વિશ્વ વસે છે પ્રભુમાં
પ્રભુ અને વિશ્વ તો અનિવાર્ય એક રૂપ છે.
આ સત્ય સાઈ દ્વારા પ્રગટ થયું છે.

---

**માનવીનું અંતિમ લક્ષ્યસ્થાન**

**સ્વ આત્મદર્શન.**

માનવીએ કયા લક્ષ્યને સાધવાનું છે? એ મૂળ-આદિસ્થાન છે કે જયાંથી એ આ જગતમાં આવ્યો છે. તો તે મૂળ સ્થાન કયું? એ છે સ્વ-આત્મ પહેચાન; સ્વચેતનાની અનુભૂતિ. અને આ સાક્ષાત્કારને માટે જ પ્રભુએ માનવદેહ આપ્યો છે. તો એ દિવ્ય સ્થાન-અંતિમશિખર ખોજ ક્યાં કરવી? તેની ખોજ માટે આપણી બહારની દુનિયા ખુંદવી જોઈએ? ........ના.

એજ પ્રમાણે બાહ્ય વાતાવરણમાં ઈશ્વરની ખોજ કરવી પણ વ્યર્થ છે. " પ્રભુના હાથ અને ચરણ દરેક જગ્યાએ છે. પ્રભુ ની દ્રષ્ટિ, તેનું મસ્તક અને મુખ પણ હરેક જગ્યામાં વ્યાપક છે. એ પરમ તત્વ તો સૃષ્ટિના હરેકપદાર્થમાં જીવિત છે. (ભગવદ ગીતા). જડ ચેતન સર્વમાં એ ચેતનરૂપ ઈશ્વરતત્વ જ છે. જ્યારે દિવ્ય ઈશ્વરતત્વ સર્વ વિશ્વવ્યાપક છે ત્યારે અમુક જ જગ્યાએ તેની ખોજ કરવી એ માનવીની મૂર્ખાઈ છે.

તેથી, માનવીનું અંતિમ લક્ષ સ્વ-દર્શન આત્મસાક્ષાત્કાર. આત્મસાક્ષાત્કારની આ પ્રક્રિયા વેદાંતના આ સૂત્ર પર આધારિત હોવી જોઇએ (નેતિ નેતિ આ નહિ આ નહિ) હું દેહ નથી, હું બુધ્ધિ (મન) નથી. ન તો હું કોઈ ઇચ્છાઓ છું કે ન તો હું અંતઃકરણ છું" આ સર્વ તો માત્ર સાધનો છે- નિમિત્ત છે. માણસે એ સમજવું જોઈએ- પચાવવું જોઈએ " સર્વનો નિયંત્રક હું છું." આ બધાથી મુક્ત થતાં માનવીને સ્વદર્શનની અનુભૂતિ થાય છે. સર્વ

ઉપવસ્ત્રો દૂર થતાં જ માનવીને મૂળ સ્વરૂપનું દર્શન થાય છે. તે ગ્લાનિ મુક્ત બને છે. મનુષ્યને પ્રભુ તરફથી પ્રાપ્ત શ્રેષ્ઠ વરદાન તે બુદ્ધિ છે. એ બુદ્ધિનો સદ્ઉપયોગ આત્મદર્શન માટે થવો જોઈએ. તેના બદલે આજે અન્ન્મ્દર્શન માટે થઈ રહ્યો છે. તમને તમારા મુખદર્શન માટે દર્પણ આપવામાં આવે પરંતુ જો તે ઉલટાવવામાં આવે તો તમે તમારું મુખ શી રીતે જોઈ શકો? એટલે બુદ્ધિ રૂપી દર્પણનો ઉપયોગ તમારા સ્વદર્શન માટે કરો.આને સાક્ષાત્કાર (સીધે સીધું સ્વનું દર્શન) કહેવાય.

કમનસીબી તો એ છે આજે માનવી સ્વદર્શન કે સ્વનિરીક્ષણના બદલે અન્યત્ર ખોજ કરવા અધીરો બની ભાગદોડ કરે છે. તે બીજાને પ્રશ્ન કરે છે, " તમે કોણ?" પરંતુ પોતાની જાતને તે કદી પૂછતો નથી, " હું કોણ છું? " જે વ્યક્તિને પોતાની ખુદની ઓળખ નથી તેને બીજાઓ વિશે જાણવાનો અધિકાર જ નથી. આ પ્રકારની પ્રક્રિયા એ અજ્ઞાનનું પરિણામ છે. સ્વનો પરિચય કર્યા વિના, દર્શન પામ્યા વિના પરમાનંદનો અનુભવ તેને ક્યારેય પણ થતો નથી.

**ઈશ્વર હરેક ચીજને પોતાનામાં સમાવે છે.**

નૂતન વર્ષની ઉજવણી નો એક હેતુ એ પણ છે કે તે માનવીને સ્વનિરીક્ષણના માર્ગે દોરી શકાય.ઈશ્વર કાળસ્વરૂપ છે તેથી સંવત્સર તરીકે પણ પૂજાય છે. આ નામનો આવો પણ અર્થ નીકળે છે કે સૃષ્ટિની હરેક ચીજ-પદાર્થને ઈશ્વર પોતાના ભીતરમાં સંચરે છે. ઈશ્વર કાલાત્મક(સમય તત્વ) તરીકે પણ ઓળખાય છે. પોતાના દિવ્ય અલૌકિક સ્વરૂપનું દર્શન કરાવવા માટે ઈશ્વર પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. પ્રભુએ મનુષ્યને બુધ્ધિ પ્રદાન કરી છે કે જેથી પોતાના અંત:સ્થળ રહેલા દિવ્યતત્વને પિછાની શકે.

સંવત્સર શબ્દ વૈશ્વિક દિવ્યત્વ પ્રગટ કરે છે. દિવ્ય તત્વ ચતુર્વિભૂતિનું સર્વોચ્ચ સ્વત્વનું પણ દર્શન કરાવે છે આમ તો તે ચતુરાત્મા કહેવાય છે. એટલે કે ત્રણ મહાન તત્વનો તેનામાં સમાવેશ દર્શાવે છે. આ ત્રણ મહા તત્વો છે: વસુદેવ, સંકર્ષન, અને અનિરુદ્ધ. જ્યારે આ ત્રણ વિભૂતિઓની સમજ પ્રાપ્ત થાય તો આપોઆપ જ ચોથી વિભૂતિ પ્રદ્યુમન ની અનુભૂતિ થાય જ.

**ચાર શક્તિ તત્વો નો અર્થ.**

વસુદેવ સૂચવે છે કે સમગ્ર બ્રહ્માંડ પરમાત્માનું નિવાસસ્થાન છે. એનો એવો પણ અર્થ નીકળે કે તે સમગ્ર સૃષ્ટિનો નિયંત્રક છે. એટલે સૃષ્ટિના સર્વ જીવોમાં દિવ્યત્વનો વાસ છે. વધારામાં તે સમગ્ર સૃષ્ટિનાં કણેકણમાં વ્યાપક છે. ઉપનિષદ પરમાત્માની ઓળખ આપે છે." અંદર-બહાર સર્વત્ર વ્યાપક છે તે નારાયણ".

સંકર્ષણ જીવોને આકર્ષિત કરવાની અને પરિવર્તિત કરવાની પોતાની શક્તિ પ્રતિત કરે છે. સર્વ જીવોનું સર્જન સંકર્ષણ થકી જ થયું છે. સંકર્ષણ નામમાં એવું પણ ફલિત થાય છે એક પદાર્થ કે એક જીવને એક સ્થળેથી બીજા સ્થળે સ્થાનાંતર કરવાની શક્તિ પણ તે ધરાવે છે. માતા દેવકીના ગર્ભમાં રહેલા બાળકને

રોહિણીના ગર્ભમાં પણ સ્થાનાંતર કરી શકાયો. અને તેથી જ રીતે બલરામ (શ્રી કૃષ્ણના મોટાભાઈ) સંકર્ષણ તરીકે પણ ઓળખાયા છે.સમ એટલે શુદ્ધ અને કર્ષણ એટલે આકર્ષણ, જે શુધ્ધ છે તેને આકર્ષે છે તે સંકર્ષણ. અનિરુદ્ધ એટલે કોઈ પણ પ્રકારના અંકુશથી પર છે . માત્ર ભગવદ કૃપા વડે તેના પર કાબૂ મેળવી શકાય. સંકર્ષણ શબ્દ એવા 'તત્વને લાગુ પડે છે જે સર્વ વ્યાપક છે, જે સર્વ શક્તિમાન છે અને જે સર્વજ્ઞ છે એ તત્વ તે દિવ્ય તત્વ'.

પ્રદ્યુમન એટલે અખૂટ ઈશ્વરના સ્વામી જે તેની સેવા, પૂજા-અર્ચના કરે તે અખૂટ સંપત્તિ ધારણ કરી શકે. ઐશ્વર્ય એટલે માત્ર ભૌતિક સંપત્તિ જ નહીં પરંતુ સ્વાસ્થ્ય, જ્ઞાન, બુદ્ધિ અને ગુણ લક્ષણ. દિવ્ય તત્વનું બીજુંનામ “ભગવાન".'ભગ'ના ૬ ગુણ લક્ષણો દર્શાવે છે:

દિવ્યસંપત્તિ,ધર્મ, સત્તા, કિર્તી, વિરક્તભાવ અને પરમ જ્ઞાન. ભગવાન એટલે જ આ છ ગુણ લક્ષણો ધારણ કરનાર તત્વ છે. આ રીતે ભગવાનના સર્વનામો એ કોઈ ભક્તની લાગણી કે કલ્પનાની ઊપજ નથી પરંતુ વિશિષ્ટ ગુણ લક્ષણ સાથે અનુબંધિત છે. આવા અસંખ્ય દિવ્ય ગુણ લક્ષણો ધારણ કરનાર ભગવાનને સંત મુનિઓ “ૐ સંવત્સરાય નમ:" કહીને વંદે છે.

સૃષ્ટિના સર્જનહાર અને જેનામાંથી જ સર્વ જીવ પદાર્થોનો આવિષ્કાર થયો છે તેથી ભગવાન “યુગાદિ" પણ કહેવાય છે (યુગોને દિક્ષિત કરનાર). ભગવાનએકરૂપમાંથી અનેકરૂપ ધારણ કરનારી અલૌકિક શક્તિ છે.

'સૃષ્ટિ' શું છે (સર્જન)? સૃષ્ટિ એ ભગવાનના સંકલ્પનું ફળ છે.આને પ્રકૃતિ પણ કહેવાય છે. દરેક જણ જે પ્રકૃતિમાંથી ઉદભવે છે તેનામાં દૈવી ગુણો જ હોવા જોઈએ. પ્રકૃતિમાંથી જન્મ લેનાર દૈવી ગુણોઅને પવિત્ર ગુણોના ધારક હોય; તેઓમાં પાશવી કે દાનવી ગુણો ન હોય શકે. જે માનવીમાં દયાભાવના, કરુણાભાવ ન હોય તે માનવ જ નથી. પ્રત્યેક માનવીએ પોતાની અંતર્ગત દિવ્ય ભાવની અભિવ્યક્તિ કરવી જ જોઈએ. પોતે ભગવાનનો જ સંદેશવાહક બની રહે એ આવશ્યક છે. તેના બદલે માનવીનું વર્તન તો દુર્વ્યવહારી બની રહ્યું છે. અને પોતાની જાતને પરખવાના સદમાર્ગના બદલે આજનો માનવી અસદમાર્ગે વિરહી રહ્યો છે.

જ્યારે વ્યક્તિને પોતાનું સાચું દર્શન થાય- જીવનમાં પોતાના ધર્મ અને લક્ષ્યનું ભાન થાય ત્યારે તે ભગવાન સાથે એકરૂપ થાય છે. આ સ્થિતિને વેદાંતમાં તુરીય અવસ્થા, ચેતનાની ચતુર્થ અવસ્થા વર્ણવી છે. તેના થકી તે, એક વ્યક્તિ મટી વૈશ્વિક રૂપ બને છે. સૃષ્ટિના કણકણમાં તેના જીવનભાવનું દર્શન તે અનુભવે છે. આ એક એવી અતીન્દ્રિય, અનુભવાતી અવસ્થા છે તે શરીર-મન-જાગૃત કે સ્વપ્નીલ કે ગાઢ નિંદ્રાની સ્થિતિથી પર છે.

'વ્યક્તિ' શબ્દ અંગે આપણી સમજ શું છે? આ શબ્દનો સાર એ છે કે જે પોતાની ભીતર સ્થિત ગહન એવા દૈવી સત્વો પ્રદર્શિત કરે છે.જે કોઈ આમ દૈવી વૃત્તિ વ્યવહારમાં આચરે નહીં તેને 'વ્યક્તિ' કહેવાય જ નહીં.

**દિવ્યતાનું વૈશ્વિક સ્વરૂપ.**

પોતાનામાં રહેલ દિવ્યતાનું દર્શન કરાવવું એનો અર્થ એ નથી કે કાંઈક અવનવું ઉત્પન્ન કરવું. દિવ્યતા તો માનવીમાંદૈવવશાત પ્રાપ્ત તત્વ છે. જેને 'સ્વભાવ' કહેવાય છે. આપણો આત્મા જ આપણને શક્તિ બક્ષે છે. જેઓ પોતાની ક્ષમતા માટે રોદણાં રડતા હોય છે તેમને પોતાનામાં રહેલી- અંતર્ગત શક્તિનો ખ્યાલ જ નથી અને તેનો સદઉપયોગ તેઓ કરી શકતા નથી. સૌપ્રથમ તો માનવીએ તેનાદૈહિક સ્વરૂપને આત્મા સાથે સંલગ્ન હોવાના પોતાના ભાવથી મુક્ત થવાનું છે. (આપણું શરીર આપણો આત્મા નથી). જેઓ પ્રશ્ન કરે છે,"પરમાત્મા ક્યાં છે?" તેઓ પોતે જાણતા જ નથી સમસ્ત સૃષ્ટિમાં જ એ પરમ તત્વ વ્યાપક છે. તેથી જ શાસ્ત્રો જાહેર કરે છે: પશ્યાનપિ ચ ન પશ્યતિમુઢો. ખરેખર તો એ વ્યક્તિ મૂઢ છે જે જુએ છે છતાં તે સત્યને ઓળખી શકતો નથી.

માનવી અહર્નિશ પોતાની ચારેકોર સૃષ્ટિ પ્રવૃત્તિનું દર્શન કરી રહે છે છતાં તે કહે છે કે ઈશ્વરને જોતો નથી. સમગ્ર બ્રહ્માંડનું સ્વરૂપ શું દિવ્ય નથી? અલૌકિક નથી? તમે દિવ્યતાની અલૌકિક અનુભૂતિ કરી શકતા નથી. માત્ર ભૌગોલિક-વ્યક્ત આકાર-રૂપને જ જુઓ છો. ભગવદ્ ગીતામાં સૃષ્ટિના આ રૂપને ભગવાનના વિશ્વ વિરાટ રૂપે વર્ણવ્યા છે. આ વિશ્વ શું છે? તે છે સકળ સૃષ્ટિ. ભગવાનનું વિશ્વ વિરાટ રૂપ એ જ સૃષ્ટિનું સંગ્રથિત રૂપ છે.

આ વિશ્વ વિરાટ રૂપ નો ગુઢાર્થ સમજવાનો કોઈ પ્રયાસ કરતું નથી. આપણી બુદ્ધિનો ઉપયોગ તેના શબ્દોના અનર્થ સર્જવામાં થાય છે જે ગેરસમજ, મૂંઝવણ પેદા કરે છે. જરૂર છે અર્થને હૃદયથી ગ્રહણ કરવાની. અતિ બુદ્ધિવાન એવા અર્જુને પણ ભગવાન કૃષ્ણ સમક્ષ સ્વીકાર કર્યો હતો. આપણું મન સદાય ચંચળ અસ્થિર છે આપણા યુગના ડિગ્રીધારી બૌદ્ધિકો અર્જુન કરતાં વધારે બુદ્ધિશાળી છે? ના, જરાયે નહીં. ગમે તેવી શૈક્ષણિક પદવી અને ઉપાધિ પ્રાપ્ત કરી હોય, ગમે એવું બુદ્ધિ ચાતુર્ય હોય તો પણ ઈશ્વરકૃપા ની આવશ્યકતા તો રહે જ છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનાં શિષ્યોમાનતા. આ છે પૂર્ણ પ્રાવીણ્ય-કૌશલ્ય.

**માનવીનું હૃદય જ પ્રભુનું નિલયમ છે.**

જ્યારે ભગવાન તરફથી તમને ભક્તનું પદ પ્રદાન થાય ત્યારે તમે અર્જુન સમાન બનશો. ભગવાન તમને ભક્ત તરીકે સ્વીકારતા નથી. તમે પોતે જ એકતરફી ભક્ત હોવાનો દાવો કરો એ પૂરતું નથી. ભગવાને તમને ભક્ત તરીકે બિરદાવવા જોઈએ.જ્યારે તમારું સમર્પણ ભગવાન સ્વીકારે ત્યારે જ તમે ભક્ત કહેવાય શકો.જ્યાં સુધી ભગવાન તરફથી સ્વીકૃતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એમ જ માનવું કે તમારી ભક્તિ તમારું સમર્પણ ગલત સરનામે રવાના થયું છે. જે અધિકૃત સ્થાને પહોંચ્યું જ નથી. ભગવાનનું સાચું સરનામું તો તમારું હૃદય છે. ભગવાન હૃદયનિવાસી છે. એટલે જ્યાંસુધી તમારા અંતઃકરણમાં સંતોષની લાગણી ન અનુભવો

ત્યાંસુધી તમારે ભક્તિનો યોગ સતત ચાલુ જ રાખવો. આ સિદ્ધ કરવા માટે તમારે તમારા હૃદયની શુદ્ધિકરણ પ્રક્રિયા સતત ચાલુ રાખવાની રહે છે. એટલે કે તમારે તમારા દુર્ગુણો, દુર્વિચાર અને દુ:ખોથી મુક્ત થવાનું છે.

**શરીર એ ધર્મ સાક્ષાત્કાર માટેનું સાધન છે.**

એમ જ સમજો કે આપણું શરીર પર સેવા માટે જ પ્રાપ્ત થયું છે. સેવા શી રીતે કરાય? ધર્મ આધારિત અને શુદ્ધ પવિત્ર સાધનો દ્વારા. શરીર એ ધર્મના પ્રત્યક્ષ અનુભવ માટે છે. આ સત્યને મહાભારતમાં પાંડવોના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ રીતે સમજી શકાય છે.દ્રૌપદી અને પાંડવ બંધુઓ (ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ)એ પોતાના જયેષ્ઠ બંધુ ધર્મરાજા યુધિષ્ઠિરના અનુરોધ અનુસાર પોતાના જીવનને સમર્પિત કર્યું.

સર્વ મનુષ્યોને આ લાગુ પડે છે. માનવી જ્યારે સત્ય અને ધર્મને અનુસરે ત્યારે જ તેને આત્મસાક્ષાત્કાર થાય-આત્માની અનુભૂતિ થાય. દિવ્ય તત્વની પૂજા અર્ચના જ્યારે હૃદયના ઊંડાણમાંથી ઉદભવે ત્યારે અંતઃકરણનો નાદ-મૌન-શબ્દ બ્રહ્મ રૂપે અનુભવાય. શ્રી રામકૃષ્ણ પરમહંસનો આ અનુભવ છે. બ્રહ્મનાદ, ઈશ્વરના અવાજના શ્રવણ માટે પોતે નીરવ પૂર્ણ શાંતિ નું પાલન કરી દિવ્ય નાદની રાહ જોતા રહ્યા કે ગમે તે ક્ષણે એ નાદ ગુંજે. આ દિવ્ય નાદ સામાન્ય કર્કશ અવાજ ની માફક સાંભળી શકાય? ના, આના માટે તો ભક્તએ-સાધકે મૌનવૃત્તિ સાધવાની રહે છે. જ્યારે વાણી પર સંયમ કેળવાય ત્યારે જ અંતરમાંથી દિવ્ય બ્રહ્મનાદ આપોઆપ જ સંભળાય. એનાદ તો આપણા શ્વાસના અવાજ કરતાં પણ સૂક્ષ્મ હોય છે-આ દિવ્યતા તો પૂર્ણ શરણાગતિ દ્વારા જ અનુભવાય. તેની અનુભૂતિ જીવનમાં પળેપળે જ અનુભવાય.

**(ભગવાનના ૧જાન્યુ. ૧૯૯૨ના દિનના પ્રવચનમાંથી)**


# Sri Sathya Sai General Hospital

Prasanthi Nilayam, Puttaparthi, Anantapur District, Andhra Pradesh - 515134

Email: medsupgh@sssihms.org.in, Ph. 08555-287256, 289409

**Applications are invited to the following vacant post:**

**Department of Obstetrics and Gynaecology**

Post: Junior Consultant / Senior Resident

Qualification: M.D. / M.S. / D.N.B. (OB & GY) with relevant experience

**Department of Paediatrics**

Post: Junior Consultant / Senior Resident

Qualification: M.D. / D.N.B (Paediatrics) with relevant experience

**Department of General Surgery**

Post: Junior Consultant / Senior Resident

Qualification: M.S. / D.N.B (General Surgery) with relevant experience

**Department of Anaesthesia**

Post: Junior Consultant / Senior Resident

Qualification: M.D. / D.N.B (Anaesthesiology) / D.A. with relevant experience

*– Medical Superintendent*

# આધ્યાત્મિક જીવન પર સ્વામીજીના સ્વસ્તિવચન

પી.એસ.એ.એસ. શ્રી નિવાસન ચેટ્ટીયાર

મારા પિતાજી સ્વ.શ્રી પી.એસ.એ. સુબ્રમણ્ય ચેટ્ટીયાર, તેમની ૨૨ વર્ષની વયથી જ સ્વામીજીના ચુસ્ત ભક્ત હતા. જ્યારે એમણે ૫૯મું વર્ષ પૂરું કર્યું ત્યારે સ્વામીજીએ એમની ૬૦મી વર્ષગાંઠ ભારતીય પરંપરા મુજબ ઉજવવા અને તેનું સંચાલન કરવાની ખાતરી આપી હતી. સ્વામીજીના શબ્દોમાં વિશ્વાસ રાખીને, મારા પિતાજીએ મારી માતા અને મારા ભાઈ સાથે ૬૦મી વર્ષગાંઠના એક માસ પહેલાં જ પુટ્ટપર્થી તરફ પ્રસ્થાન કર્યું, કે જેથી સ્વામીજી સાથે સમય પસાર કરી શકાય. પરંતુ ૨૮ દિવસ સુધી સ્વામીજીએ મારા પિતા અને માતા તરફ જોયું પણ નહીં. અને કશું બોલ્યા પણ નહીં. આથી મારા પિતાજીએ શ્રી કસ્તુરી, શ્રી કુટુંબ રાવ અને આશ્રમના પ્રભારી સાથે સ્વામીજીને સંદેશાઓ મોકલ્યા. પરંતુ સ્વામીજીએ સ્પષ્ટ શબ્દોમાં તે બધા મારફત કહેવડાવ્યું- જો જરૂરી હોય તો તેઓ આશ્રમ છોડીને જતા રહે. આવી સ્થિતિમાં મારા પિતાજી અત્યંત દુ:ખી થયા અને આ સ્થિતિનું કારણ શું હશે તે અંગે મૂંઝવણ અનુભવવા લાગ્યા. ૨૯માં દિવસે અમારું બાકીનું કુટુંબ અને હું પુત્તપર્થી જવા રવાના થયા. અમે એવું વિચાર્યું કે ભલે ગમે તે થાય પરંતુ ઉજવણી તો દૈવી સ્થાનમાં જ થવી જોઈએ. ૨૯માં દિવસે, સ્વામીજીએ ખૂબ પ્રેમભાવપૂર્વક મારા માતા-પિતાને બોલાવ્યા અને તેમને સિલ્કની સાડી અને સિલ્કની ધોતી ભેટમાં આપ્યા.સ્વામીજીએ ૬૦મી વર્ષગાંઠની ઉજવણી ની મંજૂરી પણ આપી અને સાથે ખાત્રી પણ આપી કે “તેઓ” પોતે “જ એનું સંચાલન પણ કરશે. આ ઉજવણી 23મી સપ્ટેમ્બર ૧૯૭૦ના રોજ સવારે ૯:૪૫ થી ૧૧:૦૦ વાગ્યા સુધી યોજાઈ. ઉજવણીના અંતે સ્વામીજીએ ઉપસ્થિત બધાને આશીર્વાદ આપ્યા અને ખૂબ વિસ્તારપૂર્વક આધ્યાત્મિક જીવનના પાસાંઓનું વિવરણ કર્યું.

## માનસિક પરિપક્વતા માટે પરીક્ષણો જરૂરી છે.

ષષ્ઠીપૂર્તિ - ૬૦મી વર્ષગાંઠની ધાર્મિક ઉજવણી ખાસ હેતુ માટે કરવામાં આવે છે. દરેક જણ એવી કલ્પના કરે છે કે બધી દુન્યવી પ્રવૃત્તિઓ કાયમી છે અને તે શાંતિ અપાવશે. પરંતુ કોઈને પણ ખ્યાલ નથી આવતો કે આ બધી માયા છે અને એક દિવસ આ બધું જ છોડીને જવું પડે છે. આપણે બધા, આ સતત થતાં રહેતા પરિવર્તનના સાક્ષી છીએ.

જ્યારે વ્યક્તિ આ માયાવી જોડાણમાં બંધાયેલો રહે છે ત્યારે તેને ઘણી વાસ્તવિકતાઓનું ભાન નથી હોતું. આપણા દરેકની ફરજ એ છે કે આપણાં શરીરનો ઉપયોગ જે ખરેખર વાસ્તવિક છે તેને જાણી લેવાકરવોજોઈએ.૬૦માં વર્ષથી 'હું' કોણ છું તે ઓળખવાનો દરેકે પ્રયત્ન કરવો જોઈએ અને આમ (ભૌતિક) આસક્તિ ઘટાડવી જોઈએ.

જ્યારે કોઈ વ્યક્તિ એવું કહે કે તેમણે બધા જ માયાવી જોડાણો છોડી દીધાં છે, ફક્ત લગામ જ તેમના હાથમાં છે તો તેનો કોઇ ફાયદો નથી. જો લગામ ફક્ત એક વ્યક્તિના હાથમાં જ હોય તો બધા જ ઘોડાઓ પર કાબૂ મેળવી શકાય છે. તેથી જ લગામ ઉપરનો કાબુ પણ ત્યજી દેવો જોઈએ. આ કદાચ મુશ્કેલ હશે. આ પ્રક્રિયાની શરૂઆત કરવા માટે વ્યક્તિએ આધ્યાત્મિક ઉન્નતી ને અવરોધનારા  છ ગુણો આપણી અંદર છે, તેને કાઢી નાંખવા જોઇએ. ખાસ કરીને, દરેકે ત્રિગુણો-સત્વ, રજસ અને તમસને સમજવા જોઈએ અને 'જે' આ બધાની પર છે તેની ઉપર ચિંતન કરવું જોઈએતે આ પરિક્ષણ નો હેતુ છે.

છેલ્લા એક મહિનામાં તમને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો? તમે દરરોજ વિવિધ પ્રકારે પ્રયત્નો કર્યા, તમે દરરોજ પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી. તમે એ પણ વિચાર્યું હશે કે અમારી આ ઉજવણીથી સ્વામીજી રાજી નહીં થાય. કેટલીય વાર તમે તમારા વતનમાં પાછા ફરવાના વિચારો કર્યા? આ બધું શા માટે? આ બધા જ સમયગાળા દરમ્યાન તમે તમારી શ્રદ્ધા ગુમાવી નહીં: તેથી, બધી માનસિક નિરાશાઓ છતાં હવે તમારી પાસે સુખ છે. જો મેં તમને તમારી ઉજવણીની મંજૂરી તમે આવ્યાના બીજા જ દિવસે આપી દીધી હોત, તો તમે તમારા વતન પાછા ગયા હોત. તમે અહીં આનંદમેળો કર્યો હોત પરંતુ એ માર્ગે જાત તો આ તક મળી શકી ન હોત.

છેલ્લા એક માસથી તમે ઘણી મનોવેદનાઓ અનુભવી છે. પરંતુ તમે તમારી માનસિકતાને કાબૂમાં રાખવા પ્રયત્ન કર્યો હોત, તો તમે આટલી વેદના સહન કરી ન હોત. આ પ્રકારની યાતનાઓ મગજને પરિપક્વ કરવા માટે આપવામાં આવતી હોય છે ફક્ત બે દિવસ બાકી હતા ત્યારે જ તમે વિચાર્યું કે સ્વામી જે હવે કરે છે તે આવકાર્ય છે. પરંતુ આ પ્રકારની માનસિકતા શરૂઆતથી જ હોવી જોઈતી હતી. એક સમારોહના સફળ આયોજન માટે ઘણી બધી ગોઠવણો કરવી પડતી હોય છે.તે જ રીતે આપણી જાતને સમજવા માટે પણઆપણે ઘણું બધું કરવાની જરૂર પડે છે. આપણે ખુલ્લી જગ્યામાં રસોઈ કરવી હોય તો આપણને ત્રણ ઈંટની જરૂર પડે છે. આ ત્રણ ઈંટો એ ત્રણ ગુણો છે- સત્વ, રજસ અને તમસ. આપણું શરીર એક વાસણ છે. તે ત્રણ ઈંટો પર મુકાયેલ છે. વાસણની અંદર નું પાણી એ આપણું મગજ છે. પાણીમાં નંખાયેલા ચોખા એ આપણા વિચારો છે. આપણે યજ્ઞરૂપી અગ્નિ પ્રજ્વલિત કરીશું, તો તે વાસણને તપાવશે, પછી પાણીને ગરમ કરશે અને છેવટે ચોખાને. આ અનુભૂતિ સુધી પહોંચવું સરળ નથી. ચોખાને નરમ બનાવવા માટે ધીમેથી પકવવામાં આવે છે. તેવી જ રીતે સંજોગોરૂપી ગરમીને, પ્રયત્ન કરીને વિચારોને નરમ બનાવવાની જરૂરિયાત છે. જેવી રીતે ચોખાને આપણી ઈચ્છા મુજબનાં નરમ બનાવવા માટે અગ્નિને પ્રજ્વલિત રાખવામાં આવે છે, તેવી જ રીતે સંજોગોરૂપી ગરમીને પ્રયત્ન કરીને પ્રજવલિત રાખી વિચારોને નરમ બનાવવા જરૂરી છે.

પરંતુ આજે, જેઓ અહીં આવે છે તેઓ તેમની ઈચ્છાઓને તાત્કાલિક જ પૂરી કરવાનું વલણ ધરાવે છે. તે મુશ્કેલ છે. એક સારો, યોગ્ય ફોટોગ્રાફ લેવો હોય તો પહેલાં ફ્લેશ માટે બેટરીને ચાર્જ કરવી પડે છે. તો પછી કોઈ વ્યક્તિ કેવી રીતે આશા રાખી શકે કે તેમની પ્રાર્થના તરત જ ફળીભૂત થાય? જો કે દૂધના દરેકે દરેક ટીપામાં માખણ હોય છે, છતાં આપણે વલોવણ બાદ જ માખણ બહાર લાવી શકીએ છીએ. પથ્થરો અને લાકડામાં પણ અગ્નિ હોય છે, પરંતુ તેને જ્યારે એકબીજા સાથે ઘસવામાં આવે ત્યારે જ તેમાંથી અગ્નિ પ્રગટે છે.તેવી જ રીતે, માનસિકતાને પરિપક્વકરવા માટે, પરીક્ષણો આવશ્યક છે. દરેકે માનસિકતા પૂરેપુરી પરિપક્વ ન થાય ત્યાં સુધી શાંત રહેવાની જરૂર છે.

એક ગાય પોતાના વાછરડાની ત્રણ વર્ષ સુધી જ કાળજી રાખે છે. પરંતુ માણસો માં રહેલી ભેદભાવની શક્તિને કારણે એક માતા હંમેશાં માતા જ બની રહે છે અને એક પિતા હંમેશા પિતા જ બની રહે છે.આ ભેદભાવની શક્તિનો મૂળભૂત તફાવત જ માણસ અને પ્રાણીઓમાં રહેલો છે. તેથી આ શક્તિનો ઉપયોગ ઉત્તમ બાબતોમાં કરવો જોઈએ અને દરેકેવધુ ઉચ્ચ કક્ષાએ પહોંચવું જોઈએ.

**<u>જીવનના કિંમતી પાઠો.</u>**

જ્યારે કોઈ વ્યક્તિ ખાડો ખોદે છે ત્યારે ખાડો ઊંડો થાય છે. તે જ રીતે તેમાંથી નીકળેલી માટી ખાડાની બાજુમાં ટેકરો કરે છે. છેવટે કોઈ પણ વ્યક્તિ જોઈ શકે છે કે ખાડા ની ઊંડાઈ અને માટી ની ઊંચાઈ સરખા પ્રમાણમાં હોય છે. પરંતુ લોકો ફક્ત ખાડાની ઊંડાઈ જ જુએ છે. તેમાંથી નીકળેલી માટીની ઊંચાઈ જોતા નથી. તેવી જ રીતે વ્યક્તિ દુઃખનો અનુભવ કરે છે, પરંતુ તેની પાછળ સુખ પણ હોય છે. કમનસીબે, માણસ ફક્ત દુઃખને જ જુએ છે, તેની પાછળ જોઈ રહેલા સુખને જોતો નથી.

જો આપણને કાંટો વાગે તો,તે કાંટાને કાઢવા માટે આપણે બીજા કાંટાનો ઉપયોગ કરીએ છીએ. પછીથી આપણે બંને કાંટાને ફેંકી દઈએ છીએ. એક હીરા ને કાપવા માટે આપણને બીજા હીરા ની જરૂર પડે છે. તેવી જ રીતે કર્મના વળાંકોને પાર કરવા માટે કર્મનો જ ઉપયોગ કરવો પડે છે. આપણી આંખો અત્યંત શક્તિશાળી હોય છે. આપણી આંખોથી આપણે ઘણી બધી વસ્તુઓ જોઈ શકીએ છીએ, અત્યંત દૂર રહેલા તારાઓને પણ આપણે જોઈ શકીએ છે. પરંતુ આપણી આંખમાં જો થોડી પણ ધૂળ પડે તો જ્યાં સુધી એને બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી તે આંખમાં ખૂંચતી જ રહે છે. આવું જ આપણા બુટમાં નાની કાંકરી પડે કે કાનમાં જીવડું ઘૂસે ત્યારે થાય છે. તેવી જ રીતે આપણા ચોખ્ખા મગજમાં નાનકડી શંકા ઉદભવે ત્યારે આપણને ખૂબ દુઃખ થાય છે, તેથી, આપણા મનને ખલેલ પહોંચાડનારી શંકાને દૂર રાખવા માટે લડવું જોઈએ.

જ્યારે આપણે કોઈ ઘટના વિશે એકદમ વિચારીએ છીએ ત્યારે તેની સાથે જસંબંધિત ઘણી બધી બાબતો આપણાં મગજમાં સ્ફૂરે છે.

જો આપણે રાત્રિભોજનનો વિચાર કરીએ કે તરત જ તેને સંબંધિત વસ્તુઓ જેવી કે પ્લેટો, ટમ્બલરો, ખાવાની વાનગીઓ આપણાં મગજમાં સ્ફૂરે છે. જો કોઈ ષષ્ઠીપૂર્તિની ઈચ્છા રાખે તો તરત જ આપણે સગા-સંબંધીઓ અને બીજી સાધન-સામગ્રીઓનો વિચાર કરીએ છીએ. જો કોઈ વ્યક્તિ પુટ્ટપર્થી આવવાની ઈચ્છા રાખે તો તેણે તેનાં કપડાં અને અન્ય દરરોજની ઉપયોગી વસ્તુઓને બેગમાં ભરવી પડે છે. તે જ રીતે **"સાક્ષાત્કાર"**એક છે, પરંતુ તે પામવા માટે વ્યક્તિએ વિવિધ સાધનાઓ કરવી પડે છે. મીઠાઈઓ ઘણી બધી છે પરંતુ સ્વાદ એક જ છે. તેવી જ રીતે, આપણે ભગવાનને જુદાં જુદાં નામો- જેમકે રામ,કૃષ્ણ, ઈસુ, બુદ્ધઅથવા સાઈથી ઓળખીએ છીએ. પરંતુ **ભગવાન એક જ છે**."સ્વામી" જ ફક્ત એક "દીનબંધુ "છે. બાકીના બધા સગા-સંબંધીઓ કામચલાઉ છે. જેમકે દેડકાઓ તળાવમાં ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી પાણી હોય છે.જેવું તળાવનું પાણી સુકાઈ જાય કે તરત જ બધા દેડકાઓ ભાગી જાય છે.તેથી, હંમેશા, તમે જે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હો, તે દરમ્યાન "પ્રભુ"ના "પગ" પકડી રાખો અને વિશ્વાસ રાખો કે જેમણે બીજ વાવ્યાં છે તેઓ સારસંભાળ પણ રાખશે જ..

ત્યાગ એ માનવજીવનનો આવશ્યક ગુણ છે. ત્યાગથી પુષ્કળ પ્રમાણમાં સારૂં જ (કલ્યાણ) થાય છે. લોહી પરિભ્રમણ કરતું જ રહે છે. જો તે કોઈક જગ્યાએ થંભી જાય તો તે ગાંઠ કરે છે. કોઇપણ ખોરાક આપણે ખાઈએ છીએ, તેનું બીજા દિવસે મળ-મૂત્ર વાટે વિસર્જન થવું જ જોઈએ. જો તેમ ન થાય તો આપણે બીમાર પડી જઈએ. શ્વાસોચ્છવાસ દરમ્યાન આપણે અંદર લીધેલી હવા જો બહાર ન કાઢીએ તો પણ આપણે મૃત્યુ પામીએ છીએ. તેથી, સંપત્તિ અને લોહી હંમેશાં વહેતાં જ રહેવા જોઈએ.

ધર્મ શું છે? દાન એ ધર્મ નથી. ધર્મ વિવિધ પ્રકારના છે.- જેવા કે બાળધર્મ, વિદ્યાર્થી ધર્મ, પુરુષધર્મ, સ્ત્રીધર્મ. દા.ત. વિદ્યાર્થી અવસ્થામાં એમની પાસેથી જે અપેક્ષા રાખવામાં આવે છે, તે કરવાની તેની જરૂરિયાત છે. જેમ કે સારી રીતે અભ્યાસ કરવો, માતા-પિતાના આજ્ઞાંકિત બનવું, વધુ પૈસાનો ખર્ચ ન કરવો. સારા વિદ્યાર્થી બનાવવા માટે માતા-પિતાએ પણ તેમની ફરજ યોગ્ય રીતે બજાવવી જોઈએ. જો તેને ૧૦ રૂપિયાના ખર્ચની જરૂરિયાત હોય, તો માતા-પિતાએ તેને ૯ રૂપિયા જ આપવા જોઈએ. ત્યારે જ વિદ્યાર્થી ખૂટતી રકમ ને કેમ પહોંચી વળવું તે શીખશે. પરંતુ જો તમે તેને ૧૫ રૂપિયા આપશો તો તે વધારાના ૫ રૂપિયા નકામા વાપરી નાખશે. પછી ધીમે ધીમે ખરાબ રસ્તે ચઢી જશે. આ ઉદાહરણ, બાળકોને ખોટા રસ્તે દોરી જવાના ઘણાં કારણોમાંનું એક છે.

એક પતિ-પત્ની વચ્ચે ઘણા મતભેદો અને તકરારો હોય છે. પરંતુ સ્ત્રી ધર્મ, એ બાબતો બહારની દુનિયાને બતાવવાની ના પાડે છે. પરંતુ તાજેતરના દિવસોમાં પતિ-પત્ની વચ્ચે કોઈ મુદ્દે અંતરાય પડે તો તરત જ એકાદ કલાકમાં આખા ગામને ખબર પડી જાય છે.

કોઈપણ વ્યક્તિએ ૫૦ વર્ષની ઉંમર બાદ વાનપ્રસ્થ ધર્મની તાલીમની શરૂઆત કરવી જોઈએ. તો જ તે વ્યક્તિ ૬૦વર્ષની ઉંમરે પહોંચે ત્યારે શાંતિ મેળવી શકે. આથી જ ૬૦ મી વર્ષગાંઠનો સમારોહ એ શાંતિકલ્યાણ સમારોહ તરીકે ઓળખાય છે. વાનપ્રસ્થનો અર્થ એ નથી કે બધી દુન્યવી અને ગૃહસ્થી છોડીને જંગલમાં પ્રયાણ કરવું. ભગવાં કપડાં પહેરીને ભ્રમણ કર્યા કરવું તેનો પણ કોઈ અર્થ નથી. વર્તણૂક મુખ્ય વસ્તુ છે. ભૌતિક દુનિયામાં જીવતા-જીવતા જ વ્યક્તિએ કૌટુંબિક માયાજાળમાંથી મુક્ત થવું જોઈએ. તો જ ૬૦ વર્ષની ઉંમરે તમને શાંતિ પ્રાપ્ત થશે.૬૦વર્ષ પછી વ્યક્તિ એ યોગ્ય વ્યક્તિના હાથમાં બધી જવાબદારી સોંપી દેવી જોઈએ, અને પોતાનું ધ્યાન, મન પ્રભુમાં કેન્દ્રિત કરવું જોઇએ. આ વ્યાસંગમાં **“નામસ્મરણ”**સૌથી અગત્યનું છે. કોઈપણ વ્યક્તિએ યુવાનોને યોગ્ય માર્ગ પર ચાલવાનું માર્ગદર્શન આપવું જોઈએ અને ભગવાનના નામનું સ્મરણ સતત ચાલુ રાખવું જોઈએ. પછી તોભગવાનની કૃપા ખાતરીપૂર્વક છે જ.

કેટલાક લોકો કહે છે કે જરૂરિયાતમંદોને મદદ કરવું એ પણ ધર્મ છે. ના. તેને પરોપકાર કહેવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ, ગરીબને ભોજન કરાવે છે ત્યારે તેને પણ ખ્યાલ આવે છે કે **“ભગવાન”**તેમનામાં પણ રહેલો છે. જેવોકે એ જ “ભગવાન“ આપણા હૃદયમાં પણ રહેલા છે. એટલે તે તો પોતાને જમદદરૂપ થવા જેવું હોય છે. ધાર્મિક સ્થળોની મુલાકાત લેવી, પવિત્ર જળમાં ડૂબકી લગાવવી જેવાં ઘણા પ્રસંશાપાત્ર કાર્યો હોય છે. જ્યારે આપણે ૧૦ વ્યક્તિઓ માટે રાત્રિ ભોજનની વ્યવસ્થા કરીએ છીએ, ત્યારે તે કાર્યથી આપણે સંતોષ મેળવીએ છીએ.

માણસ ભલે લાખો ડોલર ખર્ચીને ચંદ્ર ઉપર પગ મૂકવાનું ધ્યેય રાખે, પરંતુ સૌથી વધુ અગત્યની બાબત આ પૈસાનો ઉપયોગ ગરીબોને મદદ કરવામાં કરે તે છે. કોઈ વ્યક્તિ, ચંદ્ર ઉપર જે રેતીઓ, ટેકરીઓ, ખાડાઓ જુએ છે, તે બધું તો પૃથ્વી ઉપર પણ છે.પરંતુ કોઈ વ્યક્તિ આ ચંદ્રને પૂર્ણિમાના દિવસે સોળે કળાએ ખીલેલો પૃથ્વી પરથી જુએ છે ત્યારે તે દૃશ્ય કેટલું અદભૂત લાગે છે ! સૌથી મહત્વપૂર્ણ બાબત ચંદ્રને આપણાં હૃદયથી માણવાની છે.ભારતીયોએ હંમેશા આ કલામાં નિપુણતાહાંસલ કરેલ છે.

જો માણસમાં આત્મ-વિશ્વાસ હોય, તો પછી તે આત્મ-નિયંત્રણ મેળવશે. આત્મ-નિયંત્રણ આત્મ-ત્યાગતરફ દોરી જાય છે. જ્યાં આત્મ-ત્યાગ છે, તો પછી જ તે આત્મ-સાક્ષાત્કારબક્ષશે.

**લેખક-વર્ષો જુના ભગવાનના ભક્ત છે, તેઓ સાઈ પાદુગા ટ્રસ્ટના અધ્યક્ષ છે.**

આજે, માનવીનું જીવન દરેક પ્રકારના ભય અને ચિન્તાઓથી ભરેલું છે, જુઓ કેટલાક લોકો તો ઉંદરથી પણ ગભરાય છે, આપણે કશાયથી પણ ડરવું ન જોઈએ. ડરશો નહીં.

**ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

# દિવ્ય માતા તથા પિતાનું સમાધી (સ્મારક) સ્થળ

**બીશુ પ્રસ્ટી**

પુટ્ટપર્તિના સૌથી શાંત-સર્વોત્તમ અને આધ્યાત્મિક ઉત્થાનની જગ્યાઓ પૈકીની એક જગ્યા એટલે ભગવાન શ્રી સત્ય સાઈબાબાના માતા-પિતાનું સમાધી સ્થળ. માતા ઈશ્વરઅમ્મા અને પિતા શ્રી પેડા વેંકમ્મા રાજુ જે સમાધી રોડ સ્થિત આવેલ છે. જે સાઈ કુલવંત હૉલથી ચાલીને જઈ શકાય એટલા અંતરે આવેલ છે.

જો કે આ સમાધી સ્થળ પ્રશાંતિ નિલયમઆશ્રમની બહારની બાજુએઆવેલું છે. પરંતુ જે ક્ષણે અહીં પ્રવેશ કરવામાં આવે તે ક્ષણે, જાણે આશ્રમમાં ફરી એકવાર દાખલ થયા હોય તેવી પ્રતિતિ થાય છે. સૌ ભક્તોનું સ્વાગત પક્ષીઓના મધુર કલરવ, મંદ મંદ પવન અને વૃક્ષો તથા ફૂલોની અદભૂત દૃશ્યાવલીથી થતું હોય છે.

૧૯૭૨ ના 'મે' મહિનાની વહેલી સવારે બ્રીંદાવન-વ્હાઈટફીલ્ડ(બેંગલુરૂ) માં અચાનક માતા ઈશ્વરઅમ્મા બોલી ઉઠ્યા. 'સ્વામી' 'સ્વામી' અને ભગવાને તરત જ પ્રતિક્રિયા દર્શાવી એવું ઉચ્ચારીને કે 'હું આવી રહ્યો છું'. સ્વામી પોતાના હાથમાં રેશમી સાડી લઈ નીચે આવ્યા અને સીધા જ માતા ઈશ્વરઅમ્મા પાસે ગયા. માત્ર થોડી જ ક્ષણોમાં માતા ઈશ્વરઅમ્મા સ્વામીમાંસમાઈ ગયા. પછી સ્વામીએ જણાવ્યું કે માતાઈશ્વરઅમ્મા ખુબ જ નસીબદાર (ભાગ્યવાન) હતા. તેણી હંમેશા પ્રાર્થના કરતા-'વેદના વિહિન મૃત્યુ' માટે-જે તેમણે મેળવ્યું હતું.

તેજ દિવસે માતાનું દિવ્ય સ્થુળ શરીર પુટ્ટપર્તી લઈ જવામાં આવ્યું. જ્યાં સેંકડો ભક્તો તેમના છેલ્લા દર્શન માટે એકઠા થયા હતાં. 'વૈદિક મંત્રોચ્ચાર' અને ભજન ગાન સાથે સાથેજતેજ સાંજેમાતાને સમાધી આપવામાં આવી. બરાબર તેઓના પતિશ્રી પેડા વેંકમ્મા રાજુની સમાધીની બાજુમાં કે જેઓ ૪ નવેમ્બર ૧૯૬૩ ના રોજ સ્વામીમાંએકરૂપ થયા હતા.

અધ્યાપક 'શ્રી કસ્તુરી' જે પુસ્તક 'ચોઝન મધર' ના લેખક હતા તેઓએ લખ્યું છે કે માતાનું મૃત્યુ 'ગજેન્દ્ર મોક્ષ' ના 'હાથી' જેવું ચમત્કારિક અને ક્ષણાર્ધ હતું. જેને ભગવાન વિષ્ણુએ ક્ષણવારમાં શક્ય બનાવ્યું હતું. જેમ બે વીજળીના તારને એક-બીજા સાથે ક્ષણિક જોડવામાં આવે અને જેવા ઝબકાર થાય અને સમાંતરિત રીતે જે બને, તેવી ચમત્કારિક ક્ષણમાં, માતા સ્વામીમાં વિલિન થઈ ગયા.

માતા ઈશ્વરઅમ્મા પ્રત્યે ભક્તોને અતુટ માન હતું, અતુટ પ્રેમ હતો, અવિરત લાગણી હતી એટલામાટે નહીં કે તેઓ અદભૂત ભાગ્ય લઈને આવ્યા હતાં, એટલા માટે નહીં કે તેઓ દિવ્ય વિભૂતિ શ્રીસત્ય સાઈબાબાના માતુશ્રી હતા પરંતુ તેઓ દયા-કરુણાનું સાક્ષાત સ્વરૂપ હતા. જે તક તેઓએ, ઈશ્વરકૃપાથી પ્રાપ્ત કરી હતી. સામાજિક ઉત્કર્ષનામૂળમાં શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના પાયાના ગુણધર્મની શરૂઆત પછી તે શાળા હોય-દવાખાનું હોય કે મહાવિદ્યાલય, હોય માતા ઈશ્વરઅમ્મા

ભગવાનને આ બધું સ્થાપિત કરવા અંતઃકરણપૂર્વક આજીજી કરતાં.

ગ્રામ્ય નિવાસીઓનું દુઃખ અને આજુ-બાજુની પરિસ્થિતિ જોઈ માતા ઈશ્વરઅમ્માનું હૃદય દ્રવિત થઈ જતું. હકીકતમાં તેઓએ ત્યારે સર્વોચ્ચ સુખી અવસ્થા પ્રાપ્ત કરી જ્યારે, શ્રી સત્ય સાઈ જનરલ હોસ્પિટલનું બાંધકામ ૧૯૫૪ માં શરૂ થયું. તેઓ પોતે પણ આ કાર્યમાં જોડાતા-જ્યારે સ્ત્રીભક્તો રેતી,પથ્થર અને ઇંટો બાંધકામ સ્થળે ઈશ્વર નામનો ઉદઘોષ કરતાસેવા કરતા. માતા ઈશ્વરઅમ્મા ગ્રામ્યજનોના ઘરે જતાં. સ્ત્રી દર્દીઓને દાકતરપાસે લઈ જતા અને સલાહ પણ આપતા કે સ્થાનિક કે જે સાચા અર્થમાં દાકતર નથી તેઓ પાસે ન જવું.

જેવા દર્દીઓને દવાખાનામાં દાખલ કરવામાં આવતાકે તરત જ માતા ઈશ્વરઅમ્મા તેઓ સાથે રહેવાનું શરૂ કરતા. જ્યાં સુધી દર્દીઓ રોગમુક્ત ન બને ત્યાં સુધી. આથી દર્દીઓના હૃદય સુધીસંદેશપહોંચતો કે આગામમાં એક માતા છે જે તેમના ઉત્કર્ષમાં તેમના સુખ અને તેમના સ્વાસ્થય માટે અંગત રસ ધરાવે છે.

એવા અસંખ્ય દાખલા છે કે જ્યારે ગ્રામ્ય પ્રજાનું દર્દ હદથી વધી જતા સહન ન કરી શકાય તેવી સ્થિતિએ પહોંચતું ત્યારે માતા પણ સહન ન કરી શકતાઅને તેઓ દર્દીઓ વતી ભગવાન પાસે પહોંચી હૃદય પૂર્વક પ્રાર્થના કરતાં.

દા.ત. પશ્ચિમ ગોદાવરી જીલ્લામાંથી એક યુગલ પોતાનામાંદા બાળક સાથે પુટ્ટપર્તિ આવ્યું હતું. ઈલાજ માટે સાત દિવસ આ યુગલ પ્રશાંતિનિયલમમાં માંદા બાળક સાથે રહ્યું હતું. ભગવાનની દૃષ્ટિ મર્યાદામાં આવવા બધાં જ પ્રયત્નો કર્યા પરંતુ તેઓને આવી તક મળી નહીં. અંતે નિરાશ અને નતમસ્તક થઈ તેઓ પુટ્ટપર્તીથી વિદાલ લઈ રહ્યાં હતાં. તે ક્ષણે માતા ઈશ્વરઅમ્માએ તેઓને જોયા અને તેમના દર્દ અને દુઃખની વિગત જાણી. તેઓ બિમાર બાળકનેલઈને સીધાજ ભગવાન પાસે તેમના ઓરડામાં લઈ ગયા અને વિનંતી કરી,'સ્વામીતમારે આ બાળક માટે કંઈતો કરવું જ પડશે'. માતાની પ્રાર્થના ભગવાને ધૈર્યપૂર્વક સાંભળી અને કહ્યું (ચુસ્તનુ) અર્થાત હું જરૂરથી જોઈશ. પરંતુ માતા ઈશ્વરઅમ્માએ આગ્રહ ભરી વિનંતી ચાલુ રાખી અને કહ્યું 'સ્વામી તમારે આ નાનાબાળકને સાજુ કરવું જ પડશે'. છેલ્લે ભગવાને માતાની પ્રાર્થનાને સ્વીકારી અને બાળકને સાજું કર્યું.

માતાની પ્રાર્થના ક્યારેય પણ નિષ્ફળ જતી નથી. પરંતુ કલ્પના કરો કે દિવ્ય માતાની પ્રાર્થના કેવીહશે? તેથી જ આપણી પ્રાર્થના જે તેઓ માટે છે તે કેટલી જરૂરી બને છે. કેટલી અગત્યતા ધરાવે છે. અને તેઓના આશીર્વાદ પણ આપણા માટે કેટલા શક્તિશાળી નિવડે છે.

કદાચ આપણે માતા ઈશ્વરઅમ્મા માટે માન, આભાર અને પ્રેમનું સત્ય સમજીએ તે માટે જ સ્વામી દર વર્ષે ૬ઠ્ઠી મે ના રોજ (' ઈશ્વરઅમ્મા' દિવસે)સમાધીની મુલાકાત અચૂક લેતા રહેતા.

વર્ષ૨૦૧૦ માં ભગવાનની શરીરી આયુ ૮૫ વર્ષની થઈ. છતાં પણ દર વર્ષે

ઈશ્વરઅમ્મા દિને તેઓ સમાધી સ્થળે આવવાનો આગ્રહ રાખતા. સમાધી સ્થળના ગર્ભગૃહમાં આવતા અને રેશમી સાડી દિવ્ય માતા ઈશ્વરઅમ્માને ઓઢાડી અર્પણ કરતા.

હકીકતમાં તે જવર્ષે માતા ઈશ્વરઅમ્મા અને શ્રી પેડા વેંકમ્મા રાજુ (દિવ્ય માતા-પિતા)ની મૂર્તિ (Statues) સ્થાપવામાં આવ્યા ભગવાને તેમની ગર્ભગૃહની અંતિમ મુલાકાત દિવ્ય સંગીતથીભરી દીધી.

જયપુરથી આવેલ શિલ્પી જ્યારે બન્ને કલાકૃતિ તૈયાર કરી અને પ્રશાંતિ નિલયમ આવ્યો ત્યારે ભગવાને આનંદના અતિરેકમાં આ મૂર્તિઓને એક મહિના સુધી યજુર મંદિરમાં પોતાના નિવાસ સ્થાને રાખી હતી. રોજ જ્યારે ભગવાન બહાર આવતા, ભગવાન આ મૂર્તિઓને ધ્યાનથી અને અતિ આનંદથી નિહાળતા. કેટલીકવાર "સેવાદળ"ના વિદ્યાર્થીઓ જે ભગવાનની સેવામાં રહેતા તેઓ આ મૂર્તિઓને ફૂલોથી શણગારતા. સ્વામી કહેતા "જુઓ માતા તરફ દૃષ્ટિ કરો, કેટલા સુંદર લાગે છે" અને પછી સ્વામી માતાની મૂર્તિ પાછળ જતાં અને માતાનાવાળ તથા કાનના કુંડળ જે રીતેઘડવામાં આવ્યા હતાં તે જોતા અને આનંદથી કહેતા કે જુઓ વાળ કેટલી સુંદર રીતે ઓળવામાં આવ્યા છે. અને આનંદ પૂર્વક કહેતા કાનના કુંડળ કેટલા ભવ્ય લાગે છે.

જો કે ભગવાન સમય અને સંબંધોને પાર છે પરંતુ કદાચઆ પ્રસંશાદ્વારા આપણને શીખવે છે કે માતા-પિતા સાથે તમારો પ્રેમ અને સંબંધ કેટલો ઊંડો, મધુર અને શક્તિશાળી હોવો જોઈએ. હકીકતમાં ભૂતકાળમાં અનેક પ્રસંગો ઉદભવ્યા હતાં જ્યારે "ઈશ્વરઅમ્મા" શબ્દનો ઉલ્લેખ થતાંજ સ્વામીની આંખો અશ્રુભીનીથઇ જતી. તેમના ભાષણ દરમ્યાન તેમની પ્રશ્નોત્તરી દરમ્યાન કે ભજન સમયે આ અદભૂત દૃષ્ય અવશ્ય જોવા મળતું.

માતાની તેજસ્વી મૂર્તિ ઉપરાંત દિવ્ય પિતાની મૂર્તિ પણ છે. વેંકમ્મા રાજુ

એમનું જીવન જાણે કે બાયબલના આ વિધાનની સાબિતી પૂરવાર કરતું હોય તેવું હતું. "જેઓ નમ્ર છે તેઓ આશીર્વાદને પાત્ર છે, કારણ તેઓને માટે જ સ્વર્ગનું રાજ્ય છે. વિનયશીલ અને વિનમ્ર જ આશીર્વદિત છે અને તેઓ જ પૃથ્વીની ધરોહર બની રહેશે.

તેઓનો જન્મ ૧૮૮૫ ના એપ્રિલ માસમાં થયો હતો. રત્નાકરમ્ પેડા વેંકમ્મા રાજુ કોડમ્મા રાજુના સૌથીમોટા પુત્ર હતા. સંપૂર્ણ સાધુ સ્વભાવ ધરાવતા, સંત જેવું તેમનું વ્યક્તિત્વ હતું. જે નાટકોમાં ઈશ્વરની ભવ્યતાનું નિરુપણ થતું હોય તેવા નાટકોમાં અભિનય કરવો અને ગાયન-વાદન કરવું તેમને પસંદ હતું.

પરંતુ જ્યારે, એક સર્વશક્તિમાન ભગવાન, તેમના પોતાના ઘરે વાસ્તવિક સ્વરૂપેદૃશ્યમાન થયા ત્યારે તેમની મુંઝવણ એટલીવધી ગઈ કે તેઓ તેમના બાળ સહજ સ્વભાવ અને હૃદયને સમજીશક્યા નહીં.તેઓ સતત આશ્ચર્યના અહોભાવની સ્થિતિમાં રહેવા લાગ્યા. અને કદાચ આ દયાજનક પરિસ્થિતિનો અંત લાવવા જ ભગવાને અવતારી કાર્ય સંબંધી વિધાન કર્યું કે,"હું

તમારો સત્યા નથી, હું સાઈ છું. મારા ભક્તો મને બોલાવે છે". એ ભાગ્યશાળી આત્મા (પિતા) માટે આ તેમની કરૂણા અને પ્રેમ હતા કે જેમના વંશમા જન્મવાનું તેમણે માત્ર પસંદ નહોતું કર્યું પણ તેમના (પિતા) મારફત જ તેમની (સ્વામીની) ઓળખાણ દુનિયાને કરાવવાની હતી.

પણ જ્યારે પેડા વેંકમ્માની તમામ શંકાઓનું સમાધાન થયું કે તરત જ તેઓ પોતાની તમામ શક્તિ અને જીવનની એકેએક ક્ષણ માત્રને માત્ર ભગવાનની સેવામાં સમર્પિત કરતા ગયા. તેઓ પણ ભગવાનને સ્વામી તરીકે સંબોધતા.

તેઓ નિયમિત રીતે પુટ્ટપર્તિના પડોશી ગામડાઓની મુલાકાત લેતા અને જરૂરી સામાન ત્યાંથી લાવતા જેથી કરીને યાત્રાળુઓ પ્રશાંતિ નિલયમમાં વગર મુશ્કેલીએ રહી શકે.

પ્રત્યેક યાત્રાળુ જે પુટ્ટપર્તીમાં પગ મૂકતા તેઓ તેમના કુટુંબી બની જતા અને વેંકમ્મા તેમની કાળજી લેતા અને તેમની જરૂરિયાતો નિઃસ્વાર્થપણે પૂરી કરતા. ૭૮ વર્ષની પાકટ ઉંમરે, ટૂંકી તથા એકાએક આવેલ બિમારીના કારણે તેમની પૃથ્વી ઉપરથી વિદાયથઈ. સ્વામીએ આથી જ સનાતન સારથિના માધ્યમથી સૌને જણાવ્યું "જે દિવસે પેદ્દા વેંકમ્મા રાજુ ભગવાનના (પ્રાગટ્યના) પિતા બન્યા તેજ દિવસે તેઓ આશીર્વાદના હક્કદાર બન્યા. તે દિવસથી તેમનું જીવન પૂર્ણપણે પવિત્ર બની ગયું. ખાસ યાદ રાખવા જેવું છે કે, આભાગ્ય માત્રએકવ્યક્તિને, એક યુગમાં,એક વખત જ પ્રાપ્ત થાય છે. સૌને માટે આવી તક દુર્લભ હોય છે".

માનવ જાતના ઈતિહાસમાં પેદ્દા વેંકમ્મા રાજુ સ્વર્ગની રાહે સીધાવી જનાર અને તે પણ ભવ્ય રીતે તથા ધરતીની ધરોહર બનનાર એક માત્ર હતા.

આ પવિત્ર સમાધી સ્થળ માતા ઈશ્વરઅમ્મા અને પેડા વેંકમ્મા રાજુનું રહેઠાણ સાચા અર્થમાં સુંદર આધ્યાત્મિક પવિત્ર ધામ બની ચુક્યું છે. આ એક એવી જગ્યા છે જે વ્યક્તિગત રીતે દરેકને આશીર્વાદ રૂપ બની રહી છે. આ પવિત્ર સ્થળ આપણાં જેવા પસંદગી પાત્ર આત્માઓને શીખવાડે છે કે આપણે આપણા જીવનને કેવી રીતે પવિત્ર બનાવી શકીએ. આપ બીજી વાર પ્રશાંતિ નિયલમમાં આવો ત્યારે આ પવિત્ર સ્થળ જોવાનું ચુકાય નહીં.

પુટ્ટપર્તિના તારીખીયામાં ઈશ્વરઅમ્મા દિવસ એ અગત્યની ઉજવણીનો દિવસ બની ગયો છે, કે જે દિવસે દિવ્ય માતા-પિતાની મૂર્તિઓ પર પુષ્પ વર્ષા કરવામાં આવે છે. ભજન ગાન થકી સુંદર ભજનોનું આયોજન થાય છે. ૬ઠ્ઠી મે ના રોજ દર વર્ષ "નારાયણ સેવા" નું પણ આયોજન કરવામાં આવે છે. જુદા જુદા આધ્યાત્મિક અને સામાજિક કલ્યાણના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. દેશ તથા દુનિયાના તમામસાઈ કેન્દ્રોમાં દિવ્ય માતા-પિતાને શ્રદ્ધાંજલી આપવામાં આવે છે.

# આપણા પરમપ્રિય સ્વામી શ્રી સત્ય સાઈ એ સર્વજ્ઞ છે

## વ્યક્તિગત અનુભવની નમ્ર રજુઆત

કે. તિલ્લૈનયગમ

૧૯૯૦ નું વર્ષ હતું. આપણા સ્વામીએ, મારી ઉપર કૃપા કરી અને મને, હીલ-વ્યુ સ્ટેડીયમઉપર બનનાર ૬૫ ફુટ હનુમાન મૂર્તિને આધારરૂપ માળખું આપવા માટે લોખંડના જબરદસ્ત એવા ઢાંચાની ડીઝાઈન બનાવી, ફેબ્રિકેટ કરી અને ઉભું કરી આપવાની એક લાઈફટાઈમ ગણાય એવી સુંદર તક આપી. આખોય ઢાંચો ભારે અને ખૂબજ ભારી એવા રોલ્ડ સ્ટ્રક્ચરલ સ્ટીલના ચેનલ્સ્, એંગલ્સ્ વિગેરે થકી ફેબ્રિકેટ કરવામાં આવ્યો.

આ આખુ માળખું ઉભુ થઈ ગયુ અને કામ પુરૂ થયું. ત્યાર બાદ, તરત જ સ્વામીએ આશ્રમમાંના પૂર્ણચંદ્ર ઓડીટોરીયમમાં સ્ટેજ ઉપર સ્ટીલના કામકાજની ડીઝાઈન તૈયાર કરવા, તેને ફેબ્રિકેટ કરવા અને ઉભુ કરવા માટે,મને સૂચના આપી; અને એને માટે, હનુમાનજીનું બાવલુ ઉભુ કરવા માટે લાર્સન એન્ડ ટુબ્રો (L&T) ના વર્કરોનેસાથે લઈને કામ કરવાકહ્યું. આ કામકાજમાં અમે સ્ટેજ ઉપર ફોલ્સસીલીંગ આપ્યુ, સ્ટેજની કિનારીને ફોલ્સ સીલીંગ લેવલની સમાંતરે પડદો ફેરવી શકાય તેવો અર્ધવર્તુળાકાર આધાર આપ્યો અને સ્ટેજના આર્ટવર્કને સ્ટીલના પટ્ટાનો આધાર આપવાનો હતો (જેમાં વચ્ચે કોઈ સપોર્ટ ન આપતા) સ્ટેજ ઉપર પાર્ટીશન દિવાલ જેને એક વચ્ચે નાનકડો દરવાજો હતો તેની ઉપર હાથીની છબીઓ, શિરડી સાઈ, પર્તીસાઈ અને ફુલોની કારીગરી આ બધુ આર્ટવર્ક થોડું કઠીન પણ લાગતુ હતું પણ કરવાનું હતું.

આ બધુ જ કામ, આર્ટવર્ક અને ફીનીશીંગસાથે, ૧૯૯૦ ના 'ઓનમ' તહેવારની ઉજવણી પહેલાઅમારે પુરૂ કરવું એવું સ્વામી ઈચ્છતા હતા. સ્વામીએ કહ્યું,''મેં મારાકેરાલાના બાળકોને અહીં 'ઓનમ' ઉજવવા બોલાવ્યાછે. માટે કામની ઝડપ વધારો. જરૂર પડ્યે રાત્રે પણ કામ કરો. તમારા કામના ઘોંઘાટથી મને કોઈ તકલીફનહી થાય". સ્વામી તે વખતે ભજન મંદિરમાં રહેતા હતા અને અમે ભજન મંદિરનોપશ્ચિમ ભાગ (યજુર મંદિરની જગ્યા)નો ઉપયોગ આ સ્ટ્રકચરલ સ્ટીલના કામ માટે કરતા; જેને કારણે ભજનનાસમય સિવાય, આખો વખત ભયંકર કાન ફાડી નાંખે એવો અવાજ થયા જ કરતો.

કામની પ્રગતિ જોવા/જાણવા, સ્વામી જાતે પૂર્ણચંદ્ર ઓડીટોરીયમમાં આવતા. ક્યારેક ક્યારેક તો દિવસમાં બે વખત આવતા. આવી જ એક બપોરે સ્વામી આવ્યા, મને નજીક બોલાવ્યો અને કહ્યું,"સવારથી સાંજ સુધી તમે પૂરા વર્કફોર્સથી કામ કરો છો એવી નાટકબાજી ના કરશો. હું હોલમાં પ્રવેશું ત્યારે તમે માણસોને કામે લગાડો છો અને હું જેવો જતો રહું કે બધા ગાયબ થઈ જાય છે". મેં, દલીલ

કરી બચવાનો પ્રયત્ન કર્યો ત્યાંજ સ્વામીએ એક વર્કરને બોલાવ્યો અને તમિળમાં જ પુછ્યું,"બાંગારૂ, તું ક્યારે કામ પર આવ્યો?" સ્વામી જાણતા હતા કે તે વર્કર તમિળ હતો, જો કે સ્વામી તેને પહેલી વખત જ જોતા હતા. તે છોકરાએ તમિળમાં જ જવાબ આપ્યો,"સ્વામી, હમણાજ આવ્યો". શું તું સાંજસુધી કામ કરીશ? સ્વામીએ પુછ્યું. છોકરાએ તરત જ વળતો જવાબ આપ્યો,"ના, સ્વામી, તમે જેવો આ હૉલ છોડશો કે હું તરત નીકળી જઈશ". સ્વામીએ મારી તરફ એમની લાક્ષણિક મુદ્રામાં જોયું. હું તો અવાક જ બની ગયો. કાંઇ બોલવા જેવું જ રહ્યું નહોતું. ભગવાને તરત જ હાથ હલાવી સફેદ ચમકદાર, સુગંધીદાર ક્રિસ્ટલ સુગર કેન્ડી ઉત્પન્ન કરી અને બધા વર્કરોમાં વહેંચવા માટે આપી. આવી કેન્ડી અને આવો અનોખોસ્વાદ અમે જીંદગીમાં ક્યારેય માણ્યો નહોતો.

જો કે વાત એવી હતી કે અમારા વર્કરોને, બેકરી એરીયામાં આવેલા (L&T) સ્ટોરમાંથી કેટલાક વધારાના મટીરીયલની જરૂર હતી. તેઓએ ત્યાંથી બધુ મટીરીયલ ટ્રોલીમાં ચડાવી દીધુ, તેને સ્ટોરથી પૂર્ણચંદ્ર ઓડીટોરીયમ સુધી ધક્કો મારીને લાવવા માટે વધારાના હાથની જરૂર હતી, અને ખાલી થયેલ ટ્રોલી પાછી સ્ટોર પર લઇ જવાની હતી. સ્વામીએ બરાબર, એ જ તમિળ છોકરો કે જે વધારાનોહાથ બન્યો હતો, બરાબર તેને જ પક્ડયો અમને પાઠ ભણાવવા કે 'તેઓ' બધુ જ જાણે છે. કહેવાની જરૂર જ નથી કે 'એમની' જ કૃપાથી અમે સમયસર કામ પુરૂ કર્યું અને કેરાલાઇટ્સોએ ભગવાનની દિવ્ય હાજરીમાં 'ઓનમ' ઉજવી.

**-લેખક, શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર મેડીકલ સાયન્સીઝ, પ્રશાંતિગ્રામ (સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ) માં હાલમાં માનદ્ એન્જીનીયરતરીકેકાર્યરત છે.**

# શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ – રાજકોટ અને અમદાવાદ

શ્રી સત્ય સાઈ અવતારના અલોકિક અને દૈવી કાર્યોના અનેક પાસા પૈકી એક છે મેડિકેર; જે અંતર્ગત ગરીબ અને જરૂરતમંદ બિમાર દર્દીઓને ઉચ્ચ દરજ્જાની સારવાર મળી રહે અને તે પણ તદ્દન મફત-એવો દૈવી સંકલ્પ હતો. અવતારના કર્મક્ષેત્રની બહાર નજર કરીએ તો અવતારના આદેશ અનુસાર ચાલતી સુપર હોસ્પિટલ્સ માત્ર ગુજરાતમાં જ છે. ગુજરાતને મળેલી સ્વામીની આ પ્રસાદી (રૂપી હોસ્પિટલ્સ) થકી સાચે જ ગરીબ અને જરૂરતમંદો લાભાન્વિત અને કૃપા પાત્ર થયા છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબાની અસીમ કૃપાથી અમદાવાદની શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલે-શરૂ થયેથી અત્યાર સુધી ૧૫૫૦ કાર્ડિયાક સર્જરીઝ અને રાજકોટની શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલે શરૂ થયેથી અત્યાર સુધી ૨૦૦૦૦ થી પણ વધુ કાર્ડિયાક સર્જરીઝ કરી છે.

તાજેતરમાં જ ઓડીશા સરકાર સાથે આ અંગેની સમજુતિ કરાર (એમ.ઓ.યુ.) બે વર્ષ માટે રીન્યુ થયો. આ અગાઉ પ્રથમ એમ.ઓ.યુ. દરમ્યાન પ્રિ-કોવીડ પીરીયડ સુધીમાં ૧૦૧૯ જેટલી કાર્ડિયાક સર્જરીઝ થઈ છે. હાલમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઓડિશા સરકાર સાથે-તેમના રાજ્યના ગરીબ અને જરૂરતમંદ હૃદય રોગના દર્દીઓ માટે-એમ.ઓ.યુ. કાર્યરત છે.

# મારા સ્વામીએ મને કેવી રીતે પસંદ કર્યો

મહેશ વિશનદાસ મન્યાલ

એતો ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની દૈવી ઈચ્છા હતી અને મને વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ, વર્લી મુંબઈમાં ભગવાનના દર્શન થયા. બન્યું એવું કે તે વર્ષે મારા બે મિત્રો મને મુવી જોવા જવા માટે નક્કી કરેલ જગ્યા લેમિંગ્ટન રોડ પર મળ્યા હતાં. તે મુવી જોવા જવાનો જ સમય હતો પરંતુ મારો એક મિત્ર તૈયાર ના થયો તેથી અમે તેના વગર મુવી જોવા જવાનો વિચાર પડતો મૂકયો. મારો બીજો મિત્ર બોલ્યો,"એ પવિત્ર સંત વિશે તે કાંઈ સાંભળ્યું છે?" મને આશ્ચર્ય થયું, મેં કહ્યું"ના, તું કોના વિશે વાત કરે છે?" તેણે જવાબ આપ્યો "એક સંત છે, જેઓ તેમના ભક્તોને આશીર્વાદ આપવા વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમમાં આવેલ છે. તો ત્યાં શા માટે ના જવું". અમે બંને ત્યાં ગયા અને સ્વામીના દર્શન કર્યા. સ્વામી ખૂબ જ ઝડપથી ચાલતા અને ફરતા હતા. શું ઉર્જા, કૃપા અને ગતિ ! કાર્યક્રમ પૂરો થયો એટલે બધા જ ભક્તોને પોતાના ઘરે જવાની ઉતાવળ હતી.

**ભગવાનના ગણોમાં.**

અમે જ્યારે બહાર નીકળ્યા, અમે એક ફેરીયાને ભગવાનના ફોટા વેચતો જોયો. તે દિવસોમાં ફોટા લીથો કાગળમાં મળતા અને એ પૂરા કદના હતા. મેંફેરિયાને ફોટાની કિંમત પૂછી. તેણે કહ્યું,"એક રૂપિયો" એક પોલીસ કોન્સ્ટેબલ તે ફેરીયાની બાજુમાં જ ઉભો હતો. મેં તેમને બોલાવી કહ્યુ કે આ ફેરિયો મને છેતરે છે, લૂંટે છે. કોન્સ્ટેબલે કહ્યું જો તમારે ફોટો જોઈતો હોય તો લઈ લો એને પૈસા ના આપતા. મેં ફેરિયાને પૈસા ચૂકવ્યા વગર જ ભગવાનનો ફોટો લીધો અને ઘેર ગયો. ઘરે જઈ મેં મારી માતાને બધી વિગતે વાત કરી. ફોટો બતાવ્યો તો તે તેના તરફ આકર્ષાઈ ગઈ. માતાએ તરત જ મને અમારા ઘરની સામે આવેલા મંદિરે જઈને એક રૂપિયો દાન પેટીમાં જમા કરી આવવા કહ્યું.જોકે મોડું થયું હતું છતાં હું મંદિરે ગયો અને એક રૂપિયો દાન પેટીમાં નાખીને ઘેર પાછો આવ્યો.બસતે દિવસથી પાછું વળીને જોયું નથી. કઈ રીતે ભગવાનને અમારા મન્યાલ કુટુંબને પસંદ કર્યું ! ત્યારથી કુટુંબના બધા જ સભ્યો પુટ્ટપર્તિને તીર્થસ્થળ માનવા લાગ્યા.

**ધર્મ ક્ષેત્રમાં દરવાજે સેવાદળ તરીકેની ફરજ.**

થોડા વર્ષો પછી ભગવાન અંધેરી (પૂર્વ) મુંબઈમાં મોદી બંગલાની મુલાકાતે આવ્યા. મેં કહ્યું કે મને દરવાજા પર જ સેવા મળે. મારે શ્રી રાજનવાલકરના નેજા હેઠળ કામ કરવાનું હતું. અને એ સ્વ.શ્રી ગુરુદત્ત બેઈલુર-કે જેવો સ્વયંસેવકોની સંભાળ રાખતા હતા તેઓને કારણે શક્ય બન્યું. દરવાજા પર સેવા કરતી વખતે એક વખત એવું બન્યું કે ભીડ ખૂબ જ હતી અને બંગલામાં જગ્યા મર્યાદિત હતી. ભક્તોનો ભગવાનના દર્શન માટે એકાએક ખૂબ જ ધસારો થયો અને દરવાજો બંધ કરી દેવો પડ્યો. ભક્તોને ભગવાનના દર્શનની આતુરતા હતી. ભારે ધસારાથી હું થોડો ઘાયલ થયો.

ભગવાને મુંબઈ છોડ્યું પછી શ્રી ગુરુદત્ત બેઈલર સતત મારા સંપર્કમાં હતા અને મને ભગવાનનું કામ આપવા ઇચ્છતા હતા. મેં

તરત જ એમના દ્વારાઆપવામાં આવેલું કામ પૂરું કર્યું. તેઓ બીજુ કામ લઈને આવ્યા. આમ કામ સતત ચાલું જ રહ્યું. આ ફક્ત શ્રી ગુરુદત્તના પ્રયત્નોથી શક્ય બન્યું જેને કારણે આજે પણ ૭૫ વર્ષે હું કાર્યરત છું.

જ્યારે જ્યારેભગવાન મુંબઈની મુલાકાત લેતા, મને હંમેશા દરવાજે જ સેવા આપવામાં આવતી. ૧૯૬૭ કે જ્યારે ભગવાન ધર્મક્ષેત્રના ભૂમિપૂજન માટે મુંબઈઆવ્યા હતાં ત્યારથી તો ભગવાનની મુંબઈની છેલ્લી મુલાકાત સુધી મને દરવાજે જ સેવા મળી છે. ભગવાનની મે માસની મુલાકાત વખતે, દરવાજેસેવા આપતી વખતે અમે ચાર સેવાદળ મિત્રો વિચારતાંહતાં કે ભગવાન જ્યારે ભક્તોને દર્શન આપીને 'સત્યદીપ' જાય ત્યારે આપણે બેસીશું. ભગવાન ત્યારેજ દરવાજે આવ્યા, હસ્યા અને મજાક કરતાં કહ્યું "તેઓને ભૂખ લાગીછે. રાજા નવાલકર જે ભગવાનનીપાછળ હતાં તેઓ આનંદકુટિર (ગેસ્ટ હાઉસ) તરફ ખાવાનું લેવા દોડ્યા. ભગવાને તેમને દોડો નહીં એવું કહ્યું. ભગવાન ખૂબ દયાળું હતાં અને એક માતાની જેમ કાળજી લેતા. તેમણે અમારા ચારેયમાટે દરવાજે ખાવાનું મોકલાવ્યું.

એક વખત શ્રી પાંડુરંગ દિક્ષિત મારી પાસે આવ્યા અને કહ્યું કે અમારે શ્રી એન કસ્તુરી સાથે મહારાષ્ટ્ર અને ગોવાના પ્રવાસે જવાનું છે. નસીબજોગે મને પ્રોજેક્ટર સંચાલક તરીકે જોડાવા કહેવામાં આવ્યું. કારણ કે અમારે ગામડાઓમાં ભગવાન ઉપરની ફિલ્મ બતાવવાની હતી.અમે બન્ને રાજ્યોના જુદા-જુદાસ્થળોની બેઅઠવાડિયા સુધી મુસાફરી કરી. અને મેં પ્રોજેકટરથી ભગવાનની બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ બતાવી. મને યાદ છે કે એ દિવસોમાં ૧૬ mm ની સ્પૂલ ફિલ્મનો ઉપયોગ થતો હતો. અને લોકોની ભીડ પણ અકલ્પનીય રહેતી. અમે શ્રી એન કસ્તુરી સાથે પાંચ વ્યક્તિ જ્યાં જ્યાં જતાં ત્યા ભક્તોને ઘેર રાત રોકાતા. અમે બજાજ ટેમ્પોમાં મુસાફરી કરતાં.

એક વખત પ્રશાંતિ નિયલમમાં રાષ્ટ્રીય સેવાદળ સભ્યોની પરિષદ હતી. તે પ્રશાંતિ મંદિરમાં રાખવામાં આવી હતી. ડો.કેકીમિસ્ત્રી મુંબઈ સમિતિના સેવાદળ ઈન્ચાર્જ હતાં. સેવાદળ સભ્ય તરીકેની તાલીમ મેં તેમની પાસેથી લીધી હતી. ૧૯૭૦ માં ભગવાનશ્રી સત્ય સાઈ સેવા સમિતિ, મુંબઈએ મને "સેવાદળ" સર્ટિફીકેટ આપ્યું હતું જેને આજે પણ મેં સાચવી રાખ્યું છે.

છેલ્લા ૨૫ વર્ષથી ભગવાનના આદેશથી જ મને પસંદ કરાયો છે અને મેં પાંચ જીલ્લા પ્રમુખો સાથે કામ કર્યું છે. (૧) સ્વ.શ્રી દલાલ (૨) સ્વ.શ્રી રમેશ ઠક્કર (૩) શ્રી નિમિષ પંડ્યા (વર્તમાનમાં આપણાં સંગઠનના રાષ્ટ્રીય પ્રમુખ છે) (૪) શ્રીઅનુપ સકસેના (૫) શ્રી સુશિલ ભાટિયા.

થોડા વર્ષો પછી શ્રી સત્ય સાઈ સેવા ટ્રસ્ટ મહારાષ્ટ્રે એક શાળા શરૂ કરવાનું નક્કી કર્યું. તે દિવસોમાં પણ ખૂબ ભારે વરસાદ થતો. ધર્મક્ષેત્રમાં શાળા શરૂ કરતાંપહેલા ફક્ત સ્થાનિકોને જ જાણ કરવાની જરૂર નહોતી પરંતુ નજીકની ઝુંપડપટ્ટીમાંથી મહત્તમ બાળકોને શાળા સુધી લાવવાના પણ હતાં. ભગવાનની કૃપાથી આજે ધોરણ-૧૦ સુધીની શાળા ચાલે છે. દર વર્ષે શાળાનું પરિણામ પણ પ્રોત્સાહિત કરનારું આવે છે.

જેમ દિવસો અને વર્ષો વિતતા ગયા, ભગવાન મને તેમની નિકટતા માટેની તક

આપતા ગયાં.દિવસે ને દિવસે હું એમની વધુ સમીપ થતો ગયો. તેમણેમારી દોર ખેંચી અને મને પુટ્ટપર્તિમાં ખ્યાલદાસની મદદ માટે મૂકવામાં આવ્યો. મારે એક નાનકડાં સ્ટોર (આજે મોટું શોપીંગ કોમ્પ્લેક્ષ)માં કામ કરવાનું હતું. આજે પણ હું પુટ્ટપર્તિ જાઉં છું તો ત્યાં મદદ કરું છું. તે દિવસોમાં અમે ગુંટકલ સુધી બ્રોડગેજ લાઈનમાં મુસાફરી કરતાં અને ત્યાંથી મીટરગેજ બદલતા. અમે મુંબઈથી કેટલીક વસ્તુઓ પણ સ્ટોર્સમાં વેચવા લઈ જતાં. અમે ધર્માવરમ સુધી ટ્રેનમાં મુસાફરી કરતાં અને પછી ત્યાંથી ઘોડાગાડી લઈને પુટ્ટપર્તિ જતાં.

હું જ્યારે આર્થિક સંકટોમાંથી પસાર થઈ રહ્યો છું એવું જાણ્યું અને ભગવાને મને એક વખત તેમની પાસે બોલાવ્યો, મહત્વપૂર્ણ સૂચનાઓ આપી અને રૂા.૧૦૦ ની ત્રણ નોટ ખૂબ જ શાંતિથી મારાહાથમાં મુકી દીધી. જાણે કે ખાતરી આપતા હોય કે "હું હંમેશા તારી સાથે જ છું". નોટો આજની નોટો કરતાં કદમાં બમણી હતી. જેને આજે પણ મારી પત્નીએ ભગવાનના પ્રસાદ તરીકે સાચવી રાખી છે.

એક વખત દરવાજે સેવા આપતો હતો ત્યારે ભગવાન દર્શન આપી પાછા જતાં હતાં ત્યારે મારી સમક્ષ જોયું અને પૂછ્યું,"પુષ્પા ક્યાં છે?"મેં તો ત્યારે લગ્ન કર્યા નહોતાં અને કાંઈ વિચાર્યું પણ નહોતું. ત્યાર બાદ મેં લગ્ન કર્યા અને લગ્ન પછી જ્યારે અમે બંને ભગવાનના આશીર્વાદ લેવા ગયાં ત્યારે ભગવાને પત્નીને 'પુષ્પા' નામ આપ્યું. (સિંધીમાં એક રિવાજ મુજબ લગ્ન પછી કન્યાનું નામ બદલવામાં આવે છે) તે દિવસોમાં મંદિર પરિસરની અંદર રૂમો હતાં નહિ એટલે અમારે ખુલ્લામાંરેતી પર જ સુવું પડતું. વાહન-વ્યવહારની બીજી કોઈ સગવડ નહોતી એટલે મારી નવપરિણીત પત્ની સાથે ટાંગા દ્વારા જ મુસાફરીકરી. પત્ની વિચારતી હતી કે એવું તો આ ધરતી પર કોણ છે જેને (આટલી તકલીફો વેઠીને) મળવા જવું છે !! ભગવાને અમને મુલાકાત આપી આશીર્વાદ આપ્યા. મને શર્ટપીસ અને પુષ્પાને પેન્ડન્ટ આપ્યું. જે તેણે તેના મંગળસૂત્રમાં પરોવી દીધું.

<u>ભગવાનની શાળામાં મારી દીકરીને પ્રવેશ.</u>

૧૯૭૫ માં અમારે ખોળે એક દીકરીનો જન્મ થયો. અને એ જ વર્ષે ભગવાન મુંબઈ આવ્યાં. અને તેમણે મારી દીકરીનેઆશીર્વાદ આપી 'કીર્તિ' નામ આપ્યું. જ્યારે ભગવાને પુટ્ટપર્તિમાં પ્રાથમિક શાળા શરૂ કરી. શ્રી કિશીન પંજવાણી પુટ્ટપર્તિમાં હતાં અને તેમણે મારી દીકરીને શાળામાં પ્રવેશ આપવા માટે પત્ર લખ્યો. આજ સુધી એ પત્ર હજુ મળ્યો નથી. એક રવિવારે હું ધર્મક્ષેત્રમાં હતો અને નસીબજોગે પંજવાણી મને મળી ગયા. મને જોઈને તેમને આશ્ચર્ય થયું. તેમણે મને પૂછ્યું,"તું અહીં કેમ છે?, મેં તને તારી દીકરીના શાળા પ્રવેશ માટે ઘણાં સમય પહેલા પત્ર લખ્યો હતો". મેં તેમને કહ્યું કે આવો કોઈ પત્ર મળ્યો જ નથી.

બીજેજ દિવસે હું મારી દીકરી સાથે તેના શાળા પ્રવેશ માટે પુટ્ટપર્તિ જવા નીકળ્યો. હું બીજે દિવસે શાળામાં ગયો અને આચાર્યાને મળ્યો. આચાર્યાએ કહ્યું કે, પ્રવેશ પૂરા થઈ ગયાં છે. હું રૂમ ઉપર પાછો આવ્યો. ઉદાસ થઈ ગયો હતો. મેં પાણી તથા ખોરાક લેવાનું બંધ કર્યું. મેં નક્કી કર્યું કે જ્યાં સુધીદીકરીને શાળામાં પ્રવેશ ન મળે ત્યાં સુધી કશું જ લેવું નહિ. ત્રીજાદિવસે ભગવાન બપોરે વ્હાઈટફીલ્ડ જવા માટે નીકળ્યા. ભગવાન કારમાં બેસવા જતાં જ

હતાં અને ત્યાં હું સાચા હૃદયથી તેમને પ્રાર્થના કરતો ઉભો હતો. તે જ વખતે તેમણે મારી તરફ જોયું. ભગવાને દૂરથી મને બોલાવ્યો અને કહ્યું,"આવતી કાલે સવારે શાળામાં જઈને પ્રવેશ લઈ લેજે". હું તો તેમનાપગમાં પડી ગયો. ચરણસ્પર્શ કરી તેમના આશીર્વાદ લીધા. હું મારા રૂમ પર પાછો આવ્યો. અને મારા૩ દિવસના ઉપવાસ તોડવા માટે મેં પાણી પીધું અને બાકીનો દિવસ ભગવાનનો આભાર માનતાં પૂરો કર્યો. હું બીજા દિવસે સવારે શાળામાં ગયો પરંતુ આચાર્યા તો ભગવાન તરફથી કોઈ સૂચના મળી નથી એવું કહી મને સાંભળવાની જના પાડી દીધી. હું પાછો આવ્યો અને શ્રી કુટુંબરાવને મળ્યો. તેમણે મને બીજે દિવસેસવારે શાળામાં જવા કહ્યું અને જણાવ્યું કે પ્રવેશ માટે આચાર્યા સાથે વાત થઈ ગઈ છે. ભગવાનના આશીર્વાદથીબીજે દિવસે સવારે કીર્તિને શાળામાં પ્રવેશ મળી ગયો. અને પછી તેણે ભગવાનની અનંતપુર ગર્લ્સ કોલેજમાંથી સ્નાતક પણ પુરૂ કર્યું.

**<u>સમગ્રપરિવારપર દિવ્ય કૃપાનો વરસાદ.</u>**

મારા કુટુંબના બધાંજ બાળકોના નામ ભગવાને જ રાખ્યા હતાં. લગભગ મારા કુટુંબના બધાજ બાળકોને ભગવાનની દિવ્ય સંસ્થાના શિક્ષણરૂપે આશીર્વાદ મળ્યા છે. હું માનું છું કે તેઓ જે કાંઈ પણ છે તે ફક્ત આ પવિત્ર સંસ્થાનેલીધે જ છે. વર્તમાનમાં મારી નાની દીકરીનો પુત્રઅહીં પર્તિમાં અભ્યાસ કરે છે. અમે નસીબદાર છીએ કે આશ્રમની અંદર અમને એક રૂમ આપવામાં આવ્યો છે. અને અમારો આખો પરિવાર ફરી ફરી અહીં આવીને દિવ્યકૃપાથી રીચાર્જ થયા કરે છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેમની દિવ્યકૃપા અને આશીર્વાદ અમારા આખા પરિવાર અને કુટુંબ ઉપર બની રહો.

થોડા વર્ષો પછી ૧૯૮૫ માં, અમે અમારી બહેન માટે છોકરાની શોધમાં હતાં. છોકરો જે મળ્યો તે પણ ભક્ત હતો. મેં અને મારા ભાઈએ નક્કી કર્યું કે પ્રશાંતિ નિયલમમાં જઈ ભગવાનને વિનંતી કરીએ કે તેમનાલગ્ન ગોઠવી દે અને યોગ્ય તારીખ પણ નક્કીકરી આપે. ત્રણ દિવસ સુધી તો ભગવાને અમારી સમક્ષ જોયું પણ નહિ. ચોથા દિવસે ભગવાને અમને બંનેને બોલાવ્યા અને યોગ્ય તારીખ સાથે લગ્ન કરાવી આપવા માટે સંમિતિ આપી. ૧૯૮૫ માં ભગવાને મારી નાની બહેનના લગ્ન બપોર બાદ ઈન્ટરવ્યુ રૂમમાં કરાવી આપ્યા. પણ લગ્ન કરાવતા પહેલા સવારમાં જભગવાને મારી માતા, બહેન અને મને ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા. મારી બહેનને તેનાં લગ્ન વિશે અને ત્યાર પછીના જીવન વિશે સમજણ અને આશીર્વાદ આપ્યા. અમે ઈન્ટરવ્યુ રૂમમાંથી બહારનીકળ્યા ત્યારે ભગવાને બહેનને લગ્ન વખતે પહેરવા માટે એક સાડી આપી.

મારી મોટી બહેનના લગ્ન પણ ભગવાને મંજૂર કર્યા અને આશીર્વાદ આપ્યા ત્યાર પછી પણ બધાં જ લગ્નોને મંજૂરી આપીઆશીર્વાદ આપ્યા. ૧૯૯૮ માં ભગવાનેમારી મોટી દીકરીના લગ્નની તારીખ આપી અને પછી આશીર્વાદ લેવા પર્તિ આવવા કહ્યું. અમે હુકમનું પાલન કર્યું. અમને ઈન્ટરવ્યુ આપવામાં આવ્યો. ઈન્ટરવ્યુ રૂમમાં ભગવાન મારા પિતાજીને માટે કાંઈ બોલ્યા અને તેમને એક વીંટી આપી. હું ભગવાનની બાજુમાં જ

બેઠો હતો. તેમણે મને કહ્યું કે પિતાજી બીજા બે વર્ષસુધી અમારી સાથે રહેશે. ૨૯ ડિસેમ્બર ૧૯૯૯ માં પિતાજી ભગવાનના દિવ્ય ચરણકમળમાં સમાઈ ગયા એ જદિવસે ઈન્ટરવ્યુમાં ભગવાને મારાનાનાભાઈના પુત્રનું નામકરણપણ કર્યું હતું.

મારી મોટી દીકરી ત્યાં પર્તિમાં અભ્યાસ કરતી હતી તેથી હું મુલાકાતી તરીકે અવાર-નવાર જતો. બન્યું એવું કે, ભગવાનના સવારના દર્શન પછી શ્રી કુટુંબરાવે મને પૂછ્યું કે હું મુંબઈ ક્યારે જાઉં છું. મેં તેમને કહ્યું કે મારી પાસે કોઈ ટિકિટ નથી. હું આજે ટિકિટ લેવાનો છું. શ્રી કુટુંબરાવે મને બુકસ્ટોલ જવા કહ્યું અને શ્રી ભટ્ટનો સંપર્ક કરવા જણાવ્યું. તે તારી ટિકિટની વ્યવસ્થા કરી દેશે. હું શ્રી ભટ્ટને મળ્યો. મારી બધી વિગતો આપી અને મારા આશ્ચર્ય વચ્ચે મને સ્લીપર કોચની કન્ફર્મ ટિકિટ મળી ગઈ. શ્રી કુટુંબરાવને કેટલાંક દસ્તાવેજ ધર્મક્ષેત્ર મોકલવાના હતાં. તેમણેકહ્યું કે દસ્તાવેજ ૨.૦૦ વાગ્યા સુધીમાં તૈયારથઈ જશે. મેં તેમને કહ્યું કે મારી ટ્રેનધર્માવરમથી ૩.૦૦ વાગ્યાની છે. તેમણે મને કહ્યું કે તેઓ મને ધર્માવરમ સમયસરપહોંચાડવાની વ્યવસ્થા કરશે. શ્રી કુટુંબરાવે બરાબર૨.૦૦ વાગે મને દસ્તાવેજ આપ્યા અને સાથે ધર્માવરમજવા માટે કાર પણ. ભગવાને જે મને આવીઆઈપી સગવડ આપી હતી જેને હું આજેપણ ભૂલ્યોનથી. આ એ બતાવે છે કે ભગવાન આપણીં પળ-પળની કાળજી લે છે. હું ભગવાનને નમન કરું છું અને પ્રાર્થના કરું છું કે મારા વિચાર, વાણી અને વર્તનમાં પવિત્રતા બની રહો.

**-લેખક-શ્રીસત્યસાઈ સમિતિ બાન્દ્રા ખાર સાન્તાક્રૂઝ (મુંબઈ) નાં કન્વીનરછે.**

**પાછલા અંકનું ચાલુ...**

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની અલૌકિક દુનિયા

**એસ.એન. નાગાનંદ**

કળિયુગમાં, કે જેમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તેમાં આપણે બે અવતારોથી આશીર્વાદ પામ્યા છીએ. આ બે અવતારોમાં એક છે ૧૯મી સદીના શિરડી વાળા સાઈબાબા અને બીજા છે ૨૦મી સદીના પુટ્ટપર્થી ના ભગવાન શ્રી સત્ય સાઈબાબા. શ્રી સત્ય સાઈબાબા - સત્યનારાયણ રાજુ તરીકે ૨૩મી નવેમ્બર ૧૯૨૬ના રોજ પુટ્ટપર્થીના નાનકડા ગામમાં જન્મ્યા હતા, કે જે દક્ષિણ ભારતના, આંધ્રપ્રદેશ રાજ્યના, અનંતપુર જિલ્લાનું એક સૌમ્ય કુટુંબ હતું. યુવાનવયથી જ બાબા અલૌકિક શક્તિઓનું પ્રદર્શન કરતા હતા, જેનાથી તેના કુટુંબીજનો, મિત્રો અને શિક્ષકો પણ આશ્ચર્યચકિત થતા હતા. આ બાબતોનું સારી રીતે દસ્તાવેજીકરણ થયેલ છે. તેમના જન્મના ૧૪મા વર્ષે બાબાએ તેમના વંશ માટેના દસ્તાવેજીકરણ ની કથા શરૂ કરી. તેમના અવતાર ની ભૂમિકા તેમણે એક હસ્તલિખિત પત્ર માં સંબોધન કરીને શરૂઆત કરી. તેમાં તેમણે જણાવ્યું કે તે કોઈ પણ કુટુંબ કે કોઈની પણ સાથે સંકળાયેલા નથી. તેઓ ફક્ત માનવજાતને દુન્યવી દુઃખોથી છુટકારો અપાવવા માટે આવ્યા હતા. બાબા થોડા વર્ષો

સુધી શાળાએ ગયા હતા પરંતુ તેમણે તેમનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ કર્યું નહોતું. તેમ છતાં આજે આપણે જોઈ શકીએ છીએ કે તેમણે "વિશ્વ શિક્ષક" ની ભૂમિકા ભજવી છે.

પુટ્ટપર્થી ગામ અત્યંત પછાત હતું. ત્યાં શાળા, હોસ્પિટલ કે રસ્તાઓ નહોતા. ત્યાં પહોંચવા માટે કોઈપણ વ્યક્તિએ પગે ચાલીને કે બળદગાડામાં જવું પડતું હતું. આ પૃષ્ઠભૂમિમાં આપણે એવી જાહેરાત કરીએ કે બાબા "વિશ્વગુરુ" છે અને દુનિયાને સંદેશ આપવા આવ્યા છે, તો તે બાબત દરેક માટે ખરેખર આશ્ચર્ય ઉપજાવે છે.<u>સરળ વેદાંત.</u>

બાબાએ તેમનું મિશન કેવી રીતે શરૂ કર્યું ? એમણે એની શરૂઆત ગીત, સંગીત અને ભજનોથી કરી. કારણ કે ગામડાંનો સામાન્ય માણસ પણ એનાથી આકર્ષિત થાય. બાબાએ સૌપ્રથમ આ ભજન રચ્યું હતું- "માનસ ભજ રે ગુરુચરણમ્". બાબા પોતાના આ અમર ભજનને સદીઓ સુધી ગાતા રહ્યા. ગુરુના ચરણોમાં વંદન કરવું એ જીવનમાં પ્રગતિનો માર્ગ છે. વેદાંત આપણને શીખવે છે કે કોઈપણ વ્યક્તિએ આધ્યાત્મિક પ્રગતિ કરવી હોય તો ''ગુરુ'' પૂર્વશરત છે. માનવ જન્મના અંતિમ લક્ષ્યની અનુભૂતિ પણ એ જ છે. તે ભગવાનનો અનુભવ કરવા માટે તેમનામાં ભળી જવા માટે છે. આવા સાદા શબ્દોથી, ઉપનિષદના ઉચ્ચ વિચારોથી બાબા સામાન્ય માણસોને તેમનો સંદેશો આપતા હતા. બાબાની આ જ ભણાવવાની રીત હતી. એમણે દરેક ધર્મના ઉપદેશોને સરળ ભાષામાં ઉતાર્યા અને સામાન્ય માણસ તેનું સહેલાઈથી પાલન કરે તેવા બનાવ્યા. બાબાની આ લાક્ષણિકતા, આપણને બાબાના તમામ લખાણો, ગીતો, ભજનો અને સંવાદોમાં એમના પૃથ્વી પરના માનવ સ્વરૂપમાં જીવનપર્યંત જોવા મળી.

પાંચ માનવ મૂલ્યો જેમકે, સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસાનો વૈશ્વિક પ્રસાર કરવા માટે બાબાએ એક સામયિક શરૂ કર્યું. તેનું નામ આપ્યું "સનાતન સારથિ". એનો અર્થ "શાશ્વત રીતે આપણને દોરી જનાર" થાય છે. જીવન એ મુસાફરી છે. આ મુસાફરીને આનંદદાયક અને આરામદાયક બનાવવાની જરૂરિયાત છે. જેથી આપણને મુસાફરીનો ભાર લાગે નહીં. એ કરવા માટે આપણને કેટલીક માર્ગદર્શિકાઓ ની જરૂર પડે છે. તેથી બાબાએ મોટા અક્ષરોથી, તેલુગુ ભાષામાં સનાતન સારથિમાં લેખો લખવાની શરૂઆત કરી. આ લેખો દર મહિને પ્રસિદ્ધ થતાં અને છેલ્લાં ૫૦ વર્ષોથી આજે પણ પ્રસિદ્ધ થાય છે. આ સામયિક, બાબાના વિશ્વભરના ભક્તો સાથે વાર્તાલાપનો મુખ્ય આધારસ્તંભ બન્યું. હવે આ સામયિક ઘણી બધી ભારતીય અને વિદેશી ભાષાઓમાં લખાય છે અને વિશ્વભરમાં પ્રસિદ્ધ થાય છે. શરૂઆતના વર્ષોમાં, બાબા આ સામયિકની મોટાભાગની બાબતો લખતા અને એમાંના ઘણા પુસ્તકો કે દસ્તાવેજો, સત્યસાઈ આર્ચીવ્ઝ પુટ્ટપર્થી નિલયમ માં છે. અંગ્રેજી અને બીજી ભાષાઓમાં આ કૃતિઓનું ભાષાંતર બાબાના પસંદગીના ભક્તો દ્વારા કરાયું છે. એ બધામાં સૌથી આગળ પડતી વ્યક્તિ છે: પ્રો. એન. કસ્તુરી. ઘણા વર્ષો સુધી તેઓ બાબા ના સાનિધ્યમાં પ્રશાંતિ નિલયમ ખાતે વિશેષાધિકાર ભોગવતા હતા. તેઓ સનાતન સારથિ સામયિકનું ભાષાંતરની જવાબદારી નિભાવતા હતા. એટલું જ નહીં બાબાની અન્ય કૃતિઓ જેવી કે "રામકથા રસવાહિની" અને અન્ય બીજી ૧૪ વાહિનીઓ કે જે બાબા તેલુગુ ભાષામાં લખતા હતા, તેનું પણ ભાષાંતર કરતા હતા. પ્રો. એન. કસ્તુરીને બાબાના જીવનચરિત્રકાર તરીકે પણ બાબાના આશીર્વાદ મળ્યા હતા. તે બાદ

એમણે બાબાનું જીવન ચરિત્ર "સત્યમ્ શિવમ્ સુન્દરમ્" ના શીર્ષક હેઠળ લખ્યું હતું.

**ભક્તો માટેનો વિશાળ આધ્યાત્મિક ખજાનો.**

બાબાની, એમના ભક્તો અને દુનિયા માટે જો કોઇ ભેટ અને આશીર્વાદ હોય તો તે બાબાના પ્રવચનો છે. મોટા ભાગના પ્રવચનો તેલુગુ ભાષામાં છે. જેનું ભાષાંતર કરીને પ્રકાશિત કરવામાં આવેલ છે અને તે ગ્રંથો "શ્રી સત્ય સાઈ સ્પીક્સ્" તરીકે ઓળખાય છે. વિદ્યાર્થીઓના ઉનાળુ અભ્યાસક્રમો દરમ્યાન બાબાના દૈનિક પ્રવચનો બ્રિંદાવન, વ્હાઈટફિલ્ડ, બેંગલુરૂ ખાતે યોજાતાં. તે એક મહાન ઉપદેશો છે. તે શ્રેણીબદ્ધ છે. તેનું શીર્ષક છે: "સમર સોવર્સ ઈન બિંદાવન".

બાબાના પ્રવચનોમાં અસંખ્ય કહેવતો હોય છે. શરૂઆત " ઓકા ચીન્ના કથા" (એક નાનકડી વાર્તા) થી કરતા. એમની દરેક કથાઓમાં બોધપાઠ છે. બાળકો સહેલાઈથી સમજી શકે તેવી રોજબરોજની ઘટનાઓ રજૂ કરતા. વડીલો માટે એમાં ખાસ મૂલ્યોનો સંદેશ હોય છે. જેનાથી એમને દૈનિક જીવનમાં સમર્થન મળે. આ બધી વાર્તાઓનું સંકલન આપણને એમનાં ઘણાં ગ્રંથોમાં જોવા મળે છે. ઘણાં બધા લોકો બાબાની નિકટતાથી આશીર્વાદ પામેલા છે અને એમના દર્શન એમણે કેમેરા વિડીયો વગેરેમાં સંગ્રહ કરેલ છે. બંને ઓડિયો અને વિડીયો માં રેકોર્ડ કરેલા ૧૦૦૦( હજાર) કરતાં વધુ ભગવાનના પ્રવચનો પ્રાપ્ય છે. બાબા ના તમામ ભાષણોમાં કોઈ સમાનતા નથી. તેનો પ્રારંભ તેઓ સામાન્ય રીતે પ્રેરણાદાયી નાની કવિતાના ભાષાંતરથી કરતા હતા. આ ભાષાંતર અમૂર્ત વેદાંતથી લઈને રોજબરોજના અનુભવો અને વિવિધ શ્રેણીમાં વણાયેલા હતા. તેમાં બધા ધર્મોની આધ્યાત્મિક પ્રગતિ માટેની સુચનાઓ હોય છે. એમના સંદેશમાં સંપૂર્ણ સુમેળ હોય છે. વિદ્યાર્થીઓ સમક્ષ કરવાના પ્રવચનોમાં ખાસ પ્રકારની રસાસ્વાદની વાર્તાઓ, સારાં ચરિત્રો, વ્યવહારુ સલાહ, સમાજસેવા, ભક્તિ, આત્મવિશ્વાસ, સખત મહેનત, રમત, શિક્ષકો અને વડીલોને માન આપવું વગેરે બાબતોનો સમાવેશ કરતા. વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમ્યાન બાબા એવું વર્તન કરતા કે દરેક વિદ્યાર્થીને લાગે કે જાણે બાબા તેમને વ્યક્તિગત સલાહ આપી રહ્યા છે. જ્યારે બાબા સાથે વ્યક્તિગત સંપર્ક કરવો શક્ય હતો ત્યારે બાબાએ ઘણા બધા ભક્તોને વ્યક્તિગત ઇન્ટરવ્યુઓ આપ્યાં હતાં. તેઓ તેમની ઘણી બધી શંકાઓનું સમાધાન પણ તેમની આગવી રીતે કરતા હતા. ઘણા બધા ભક્તોને તેમના વ્યક્તિગત જીવનમાં પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમને એવો પણ અહેસાસ કરાવતા કે બાબા તેમના નજીકના સંબંધી છે અને તેઓ તેમની હર હંમેશ સંભાળ રાખે છે.

**સરળતાથી સમજી શકાય તે રીતે શીખવવાની ભગવાનની રીત.**

બાબાનો સંદેશ ચપળ અને અર્થ સભર હતો એમણે શબ્દસમૂહોને વાક્ય રચનામાં એવી રીતે વણી લીધા હતા કે તે સમજવામાં અને અમલ કરવામાં સરળ લાગે. જેમ કે: "સૌને પ્રેમ કરો, સૌની સેવા કરો", "હંમેશાં મદદરૂપ થાઓ, કોઈને કદી દુઃખ ન પહોંચાડો", "સેવા માટે લંબાયેલા હાથો, પ્રાર્થના કરનારા હોઠો કરતાં વધુ પવિત્ર છે", "માનવ સેવા એ જ માધવ સેવા છે." વગેરે. આ બધા સનાતન ધર્મના અર્ક કાઢેલા શાણપણના ઉપદેશો છે. જેના સિદ્ધાંતો શાશ્વત અને સાર્વત્રિક છે. તે બધા વેદો અને ઉપનિષદોનો નિચોડ અને પદાર્થ છે. આ પ્રવચનોની શિક્ષણની એક શૈલીપણ છે. વેદોના

સંદેશના પ્રસંગો અને તેમના અર્થોને સરળીકરણ કરી ટૂંકા શબ્દસમૂહો દરેકની સમજણ માટે બનાવ્યા. વધુ ગંભીર આકાંક્ષીઓ માટે શાસ્ત્રોનું વિગતવાર દર્શન ઉપનિષદ વાહિની જેવી વાહિનીઓમાં દર્શાવીને સરળ ભાષામાં વ્યક્ત કરે છે. તેનો મૂળગ્રંથો સાથે સુમેળ છે. બીજી ગીતા વાહિની ભગવદ્ ગીતાના રહસ્યોને સુંદર રીતે મૂળ સંદેશને જીવંત રસની સાથે તારી આવે એવું કરેલ છે.

રામ કથા રસવાહિનીના બે ગ્રંથો ભગવાન રામની વાર્તા અલગ રીતે જ સમજાવે છે. એ-વાલ્મિકી રામાયણ અને પુરાણોના મૂળગ્રંથોમાં જે કથાઓનો ક્રમ છે તેને જાળવે છે. પરંતુ દરેક પરિસ્થિતિ થકી રામાયણનો સંદેશ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. તેમાં ખાસ કરીને બોધપાઠ અને નીતિશાસ્ત્રને જડિત રાખે છે. એમાં સંવાદો શક્તિશાળી અને સ્પષ્ટ છે અને એમાંથી પાત્રોનો કરૂણાભાવ, રમૂજ અને લાગણીઓ બહાર લાવે છે. બાબાએ મહાકાવ્યોને તેમના પાત્રો દ્વારા નવજીવન આપેલ છે અને ઘણા અણધાર્યા ખેલાડીઓને પણ બોધપાઠ ના તાણાંવાણાંમાં વણી લીધા છે.

જે ભક્તોની પેઢીઓના સારા નસીબ છે, સ્વામીજી ના આશીર્વાદ છે તેમણે દૈવી અનુભવોનો લાભ મેળવ્યો છે જે અમૂલ્ય છે. બાબાના પ્રવચનો અને પરસ્પર સંવાદોના ફોટાઓ અને વિડિયો, સારા જીવન માટે જરૂરી છે. બાબા રચિત પાંચ આવશ્યક માનવમૂલ્યો સારા જીવનના આધારસ્તંભ છે. એક નવું ચાલવા શીખતું બાળક, વિદ્યાર્થી, ગૃહસ્થ અને ત્યાગી માટે ભગવાન સુલભ હતા અને એમની દરકાર કરતા હતા. તેમણે માનવતા માટે જે વારસો છોડી દીધો છે તે ખરેખર અમૂલ્ય છે. બાબા દ્વારા આપવામાં આવેલા વિશાળ આધ્યાત્મિક ખજાનાથી સાધકો સારો અધ્યાત્મિક નફો મેળવી શકે છે. બાબા અત્યંત વ્યવહારુ હતા. એમણે સાધનાના ત્રણ માર્ગો જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગનું સંયોજન કર્યું (જે આપણા સંગઠનની ત્રણ પાંખો છે). એમણે સમજાવ્યું કે દરેક માનવે સમાજમાં રહેવું જોઈએ, પોતાની અપેક્ષિત ભૂમિકા ભજવવી, એકલતાની ભાવના જાળવવી અને કોઇની પણ સાથે આશક્ત ન થવું. એમણે કહ્યું "સમાજમાં હાથ અને વનમાં મન". આપણી ફરજ બજાવતી વખતે પણ તે ભગવાનને અર્પણ કરવાની જરૂરત છે. તે કોઈપણ જાતની અપેક્ષા વિના પરિણામ ભગવાન પર છોડી દો. આ રીતની ભક્તિમય સેવા કરવાનું વલણ બાબાએ એમના ઘણાં પ્રવચનોમાં દર્શાવ્યું છે. ભક્તિમય સેવા જ તમને દિવ્ય નો અનુભવ કરવામાં સક્ષમ બનાવશે. ભગવાન બધા જીવોમાં રહે છે. જ્યારે આપણે આ અનુભૂતિ કરીએ ત્યારે જ આપણી કરુણાં અનહદ રહેશે અને આપણાં જીવનમાં કોઈ વિરોધાભાસ ઉભો થઇ શકશે નહીં. આ ભગવાન તરફનો માર્ગ છે. બધા પ્રત્યે પ્રેમ માનવજાતને અવિરત પણે ભગવાન તરફ દોરી જાય છે.

આ ભગવાન શ્રી સત્ય સાઈબાબાની અલૌકિક દુનિયા છે...................... આવો, ચાલો આપણે એમના ગહન ઉપદેશોને શીખીએ, સમજીએ અને તેને આપણાં જીવનમાં આચરણમાં મૂકીએ. આ ભગવાન તરફનો માર્ગ છે.

---

**- લેખક - શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે**

---

## શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર મેડીકલ સાયન્સીઝ, વ્હાઈટફીલ્ડ ભગવાન બાબાનું આરોગ્ય મંદિર

ડૉ.ડી.સી.સુંદરેશ

માતા ઈશ્વરમ્માની ઈચ્છા પૂર્ણકરવા, તા.૪ ઓક્ટોબર ૧૯૫૬ ના રોજ પુટ્ટપર્તી ખાતે ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ, તેમની સૌથી પહેલી 'શ્રી સત્ય સાઈ જનરલ હોસ્પિટલ' શરૂ કરી. કારણ કે સ્વાસ્થ્ય સુવિધા મેળવવા દૂર સુધી ગ્રામજનો-સ્થાનિક લોકોને જે હાલાકી ભોગવવી પડતી, તે માતા ઈશ્વરમ્માથી જોવાતુ નહોતું.

<u>સ્વાસ્થ્ય સુવિધા-પ્રેમ અને કરૂણાસહ.</u>

પ્રેમ અને કરૂણા સહ અને તે પણ નિઃશુલ્ક સ્વાસ્થ્ય સુવિધા જે ભગવાને ઉભી કરી તેણે તો ઈતિહાસ રચ્યો છે અને પુરવાર કર્યું કે આવું પણ શક્ય છે. માનવતાને, ભગવાને આપેલી પ્રેમરૂપી ભેટ આગળ જતા વિસ્તરી અને ૧૯૯૧ માં પુટ્ટપર્તીમાં પહેલી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને બીજી ૨00૧ માં વ્હાઈટફિલ્ડ ખાતે ઉભી થઈ. આ મીશનમાં૩૦ માર્ચ ૨00૬ ના રોજ પુટ્ટપર્તીની આસપાસના ૧૨ ગામોમાં સ્વાસ્થ્ય સુવિધા આપવા મોબાઈલ હોસ્પિટલ ઉમેરવામાં આવી. આ આખા સેવાયજ્ઞને પૈસાની દૃષ્ટિથી તોલવું એ તો ભગવાનની કરૂણાપૂર્ણ સેવાના હેતુનું અને ભગવાનનું અપમાન છે. આ કરૂણાપૂર્ણ સેવા, ગરીબ અને જરૂરતમંદો માટે ખૂબ જરૂરી હોઈ અને ટેલેન્ટેડ લોકોને-તેવા લોકોની પ્રેમપૂર્ણ સેવા કરવાની ખૂબ મોટી તક છે.

સ્વાસ્થ્ય પ્રદાન કરતા આ મંદિરો, પાંચ મુખ્ય મૂલ્યો આધારે કામ કરતા આવ્યા છે : પ્રેમ અને કરૂણા, એકતા અને સુસંવાદિતા, સમાજ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ અને પોતાપણાની લાગણી.ભગવાનનું આ મીશન અદ્વિતીય છે. સેવા કરનાર સ્વાસ્થ્ય નિષ્ણાતો સાચેજ ભગવાનના કૃપાપાત્ર છે. અને તેઓ ભગવાનના તેમના મીશન અંગે ઉદગારેલા શબ્દોને આધારે જ કાર્ય કરે છે. સ્વામી કહે છે,''નાત-જાત-ધર્મ કે આર્થિક ધોરણોના ભેદભાવ વગર, જરૂરતમંદોને વિનામૂલ્યે તબીબી સુવિધા, તે પણ પ્રેમ અને કરૂણા સાથે આપવી જોઈએ. તમારા નિર્ણયો દર્દીઓ માટે લાભદાયી હોવા જોઈએ. સૌ પ્રથમ દર્દી, પછી સંસ્થા અને સૌથી છેવટે અન્ય બાબતો-આરીતનો ક્રમ હોવો જોઈએ.

અશ્રદ્ધા ધરાવનારા કેટલાક લોકો દ્વારાવારેવારે સવાલો પુછાતા હોય છે કે "ભગવાનની મહાસમાધિ પછી પણ આ કાર્ય કઈ રીતે ચાલી રહ્યુંછે?" આવો સવાલ મુખ્યત્વે તો, ભગવાનના અદ્વિતીય એવા પાંચ આરોગ્ય સંસ્થાનો-બે સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સ, બે જનરલ હોસ્પિટલ્સ અને એક મોબાઈલ હોસ્પિટલ્સની નાણાકીય સદ્ધરતા અંગેનોહોય છે. ભગવાનના દિવ્ય મીશનને દુનિયાની કોઈ તાકાત રોકી શકે એમ નથી. આ આરોગ્ય મંદિરોનો ખર્ચ, હોસ્પિટલ્સના કોર્પસફંન્ડના વ્યાજની આવકમાંથી થાય છે; કે જે ફંન્ડમાં, દુનિયાભરમાંથી ભગવાનના ભક્તો દ્વારા સ્વૈચ્છિક રીતે દાન આવતા રહે છે.

ભક્તો દ્વારા સ્વૈચ્છિક સેવા.

આ સંસ્થાનોને ચલાવવા માટે, શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટીથી માંડીને, કર્મચારીઓ અને સ્વૈચ્છિક કાર્યકરોનીટીમ સમર્પિત થઈને કાર્ય કરેછે.શરૂઆતના વર્ષોમાં ભગવાને જાતે વ્યક્તિગતરીતે દરેક બાબતો અને કાર્યકરનાર દરેક વ્યક્તિમાં રસ લઈને બધાને પ્રવૃત્ત કર્યા હતા. જે આજે સાચેજ ક્યાંના ક્યાં પહોંચી ગયા છે.

વર્ષ ૨૦૦૨ માં, પ્રથમ વાર્ષિકોત્સવની ઉજવણી દરમ્યાનભગવાને જાહેર કર્યું હતું કે, આ હોસ્પિટલ સમગ્ર વિશ્વમાં, સ્ટાફની યુનિટી (એકતા)ને કારણે પ્રસિદ્ધિ પામશે, અને આ બાબતસાચી પુરવાર થઈ રહી છે. આવું ત્યારે જ શક્ય બને કે જ્યારે ભગવાન જાતેઆ સંસ્થાનોની દોરવણી કરી રહ્યા હોય.

કર્ણાટક રાજ્યના, સેવાદળના ભાઈઓ અને બહેનો, વ્હાઈટફિલ્ડની આહોસ્પિટલમાં અઠવાડિયાના રોટેશનમાં સેવા આપવા નિયમિત રીતે આવતા રહે છે- જેઓ વિવિધ પ્રકારના કાર્યો અને જવાબદારીઓ સંભાળી લે છે. જેમકે, સિક્યોરીટી ગાર્ડ, વોર્ડમાં સહાયક તરીકે, ઓપરેશન થિયેટરમાં સહાયકો, આઈ.સી.યુ.માં મદદકર્તા, ઓ.પી.ડી. વિભાગ, લૉન્ડ્રી, સ્ટોર, રસોડામાં, કેન્ટીન વિગેરે વિગેરે. નવાઈની વાત તો એ છે કે સેવા આપનારાઓમાં ઘણાયે બધા સરકારી કે ખાનગી ક્ષેત્રમાં ઉચ્ચ અધિકારીઓ તરીકે કાર્ય કરતા હોય છે.

ડૉક્ટર્સ દ્વારા સ્વૈચ્છિક સેવા.

બેંગાલુરૂ શહેરના નિષ્ણાંત સીનીયર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સ ઘણા વર્ષોથી અઠવાડિક ધોરણે, સેવા આપવા આવતા રહે છે અને જનરલ સર્જરી, ઈ.એન.ટી., ઓર્થોપેડિક્સ્, આંખોનો વિભાગ, યુરોલોજી, ચામડીનો વિભાગ અને અન્યસ્પેશ્યાલિટીઝમાં સેવા આપે છે. અન્ય એક ગૃપમાં યુનાઈટેડ સ્ટેટસ્ અને અન્ય દેશોમાંથી, ડૉક્ટર્સ એક કે બે અઠવાડિયા માટે,કાર્ડીયોલોજી અને કાર્ડીયાક સર્જરી માટે સેવા આપવા પધારે છે. તેઓ, સેવા આપવા ઉપરાંત તેમના મોંઘાદાટ સાધનોની વ્યવસ્થા પણ કરીલે છે.

સ્વૈચ્છિક સલાહકારો.

દર્દીઓ માટે આ એક અનોખી સેવા અહીં ઉપલબ્ધ છે. બહેનોનું એક જુથ ડૉક્ટર્સ અને પેશન્ટ વચ્ચે સેતુ બનીને કામ કરે છે. બિમારીનું ટેન્શન, સારવારની ચિંતામાંથી ઉભરી આવવા માટે દર્દીને આધ્યાત્મિક બાબતોનું ચિંતન/સમજણ પણ ખૂબ ઉપયોગી થઈ પડે છે.

શ્રેષ્ઠ ટેકનોલોજી.

આ આરોગ્ય મંદિરની બધી જ સગવડો તેના ઉચ્ચ સ્થાને છે. હોસ્પિટલનું બિલ્ડીંગ જ ખૂબજ આકર્ષક છે. આ જ મુદ્દો-૧૨ ઓપરેટીંગ રૂમ્સમાં અને ૮૦ ખાટલાનાઈન્ટેન્સીવ કેર યુનિટ અને વોર્ડસ્ માં દૃશ્યમાન થાય છે. ડૉક્ટર્સમાટે ડાયોગ્નોસ્ટીક

સગવડો પણ ઉચ્ચ દરજ્જાની છે.

ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવા.

ઓપીડીમાં આશરે ૧૦૦૦ દર્દીઓને રોજ તપાસાય છે. જનરલ સ્પેશ્યાલિટીઝ, સુપર સ્પેશ્યાલિટીઝ (ન્યુરો સર્જરી અને કાર્ડીયાક)માં નિષ્ણાંત તબીબો દ્વારા આશરે રોજના ૨૨ ઓપરેશન્સ થાય છે. કાર્ડીયોલોજી વિભાગમાં રોજના આશરે ૧૬ ઈન્ટરવેન્શનલ અને ડાયોગ્નોસ્ટીક કેશની પ્રોસીજર્સ હાથ ધરાય છે. દરરોજના આશરે ૨૦૦ જેટલાઈમેજીંગ સ્ટડીઝ-જેમકે એક્સ-રે, મેગ્નેટીક રીસોનન્સ ઈમેજીંગ, ટોમોગ્રાફી અને અલ્ટ્રાસાઉન્ડ સ્કેન, ડાયોગ્નોસ્ટીક ડીપાર્ટમેન્ટ દ્વારા થાય છે.

શિક્ષણ અને સંશોધન.

સંસ્થાનોનું લક્ષ્ય છે-સૌ પ્રથમ સેવા, પછી તાલીમ. નૈતિકતા અને મેડીકલ સ્ટાન્ડર્ડસની યોગ્ય જાળવણીને કારણે, તાલીમ આપવા માટે અને સંશોધન કરવા માટે અહીં પૂરો અવકાશ છે જેને લીધે મેડીકલ ક્ષેત્રના ઘણા પ્રશ્નોનું નિરાકરણ મળી રહે છે. સ્વામીએ અમને આ અંગે આવી જ ગાઈડલાઈન્સ આપી હતી.

આ ઉદ્દેશ્ય સાથે, સંસ્થાએ નર્સીંગમાંસ્નાતક કક્ષાનો પ્રોગ્રામ અને તેને સંલગ્ન હેલ્થ સર્વીસીસ માટે નર્સીંગ કોલેજ શરૂ કરી. કાર્ડીયોલોજી, કાર્ડીયાક સર્જરી, ન્યુરોસર્જરી, એનેસ્થેશીયા અને રેડીયોલોજી ક્ષેત્રોમાં પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ કરી શકાય તેવી સગવડ અત્રે છે. સાથે સાથે આક્ષેત્રોમાં ફેલોશીપ પ્રોગ્રામ પણ છે. અહીંનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ સંશોધન ક્ષેત્રે સતત સક્રિય રહે છે.

ભગવાનની સતત થઈ રહેલ અસીમ કૃપા.

આ બધી (આરોગ્ય લક્ષી) સંસ્થાઓ ભગવાને સંકલિત કરી સ્થાપી, કાર્યરત કરી અને વિકસાવી. દરેક બાબતે તેમણે વ્યક્તિગત સ્પર્શ દ્વારા દરેકને જીવંત બનાવી છે. આ બાબતના સંસ્મરણો આજે પણ હોસ્પિટલના સ્ટાફ પાસે છે.

ભગવાને આ આરોગ્ય મંદિરો એમની દિવ્ય કૃપાથી માત્ર સ્થાપ્યા એટલું જ નહીં પણ લોકોને પણ ચૂંટી કાઢીને આની સંભાળ લેવા માટે નિમ્યા છે. **આજે, મહાસમાધિ પછી પણ, ડાયરેક્ટરની ઓફિસમાં કે પછી હોસ્પિટલમાંની ભગવાનની રૂમમાં વિભૂતી પ્રગટ થાય છે તે જ બતાવે છે કે સ્વામીની અસીમ કૃપા સાતત્યથી અહીં વરસી રહી છે.** આ બાબત દરેકને પ્રેરણા આપે છેઅને વધુ સમર્પિત થવાનીઅમીશા જગાવે છે.

ભગવાનને મારા ખૂબ ખૂબ પ્રણામ-નમસ્કાર કે જેમણે મને માનવજાતિની સેવા કરવાની તક આપી અને તેમના હેલ્થ કેયર મીશનમાં મને સાંકળી લીધો. અમો,ઈશ્વરના સેવકો, તેમને પ્રાર્થના કરીએ છીએ કે તેઓ, તેમના દર્દીઓને અને દર્દીઓની સેવા કરનારા દરેકની ઉપ,ર તેમના આશીર્વાદ વરસાવે.

-લેખક-એ શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર મેડીકલ સાયન્સીઝ

વ્હાઈટફિલ્ડના ભૂતપૂર્વ ડાયરેક્ટર છે. હાલમાં તેઓ બેંગાલુરૂના રામૈયા યુનિવર્સિટીના એપ્લાઈડ સાયન્સીઝના પ્રો-વાઈસ ચાન્સેલર છે.

# બાબા આગને નિયંત્રણમાં લે છે.

## ચિન્નકથૈ

જ્યારે બાબા શિર્ડીમાં હતા, ત્યારે દ્વારકામાઇ ખાતે ધૂનીમાં અગ્નિ હંમેશા પ્રજ્વલિત રહેતો. ભક્તો, બજારમાંથી લાકડા ખરીદી લાવી, ધૂનીમાં તે અર્પણ કરતા, જેથી ધૂની હંમેશા સળગતી રહેતી. ભક્તોને મન તો સંતોષ રહેતો કે તેમણે ધૂનીમાં લાકડા અર્પણ કર્યા છે. આવું કરવાથી શું પરિણામ આવી શકે છે તેનું તેમને ભાન જ ન રહેતું. એક વાર શું થયું, કે કેટલાક મૂઢ ભક્તો આવ્યા અને અગ્નિમાં બહુ બધા લાકડા ઠાલવી દીધા. તેમણે કોઈ વિચાર જ ન કર્યો કે આટલુ બધુ એકી સામટુ નાખવાથી અગ્નિની જ્વાળાઓ કેટલી ઉંચી જશે !! થોડા વખતમાં જ જ્વાળાઓ મોટી અને ઉંચી થવા લાગી. આ જોઈને શ્યામા દોડતો દોડતો બાબા પાસે આવ્યો''બાબા, બાબા''. બાબાએ પુછ્યું,"બોલ શ્યામા, શું થયું શું?"."બાબા જુઓ, અગ્નિદેવ આપણે ત્યાં પ્રગટ થયા છે"."શ્યામા" બાબાએ વળતા પુછ્યું. "અગ્નિદેવ પ્રગટ્યા તો ખરા, પણ તેમને જોવામાં અહીં કોને રસ છે? પછી તેઓએ અગ્નિને ઉદ્દેશીને વાત કરી, બોલ્યા,''તમારી બહાદુરી તમે અહીં કોને બતાવવા માગો છો? તમે આવું વર્તી રહ્યાછો કારણ તમને કોઈ પાઠ ભણાવવા માટે અહીં નથી!!? જ્યાં અને જ્યારેજરૂર હોય ત્યારે જ તમે તમારૂં પરાક્રમ બતાવો. હમણા કોઈ પણ કારણ વગર શું કામ તમારી વીરતાબતાવો છો?"આવું કહીને તેમણે, લાકડી વડે એક થાંભલાની ઉપર આઘાત (પ્રહાર) કર્યો. બસ્, ક્ષણમાત્રમાં જ્વાળાઓ નાની થઈ ગઈ. આનો શો અર્થ? કારણ વગર કાંઈ પણ ન થાય. શું એવો કોઈ મૂરખ હશે, જે ગંગા કિનારે જઈને, બુમો પાડી પાડીને બધાને બોલાવશે અને કહેશે,"આવો આવો,હું તમને પાણી આપું". એ કોણ છે પાણી આપવાવાળો કે જ્યાં સ્વયં ગંગા નદી પોતે જ વહે છે કળીકાળના પ્રભાવને કારણે, કોઈ પણ યોગ્ય કારણ વિના, ક્યારેક લોકો પણ મૂરખની જેમ વર્તે છે. આપ્રકારનું વર્તન ભણેલા-ગણેલાઓ પણ કરતા જોવા મળે છે.

-----0000-----

આજે, માનવીનું જીવન દરેક પ્રકારના ભય અને ચિન્તાઓથી ભરેલું છે, જુઓ કેટલાક લોકો તો ઉંદરથી પણ ગભરાય છે, આપણે કશાયથી પણ ડરવું ન જોઈએ. ડરશો નહીં.

**ભગવાન શ્રી સત્ય સાઈબાબા**



# 2021 CALENDAR

| Dates \| Months | | | | | Feb Mar Nov | June | Sept Dec | April July | Jan Oct | May | Aug |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 15 | 22 | 29 | Mon | Tue | Wed | Thu | Fri | Sat | Sun |
| 2 | 9 | 16 | 23 | 30 | Tue | Wed | Thu | Fri | Sat | Sun | Mon |
| 3 | 10 | 17 | 24 | 31 | Wed | Thu | Fri | Sat | Sun | Mon | Tue |
| 4 | 11 | 18 | 25 | | Thu | Fri | Sat | Sun | Mon | Tue | Wed |
| 5 | 12 | 19 | 26 | | Fri | Sat | Sun | Mon | Tue | Wed | Thu |
| 6 | 13 | 20 | 27 | | Sat | Sun | Mon | Tue | Wed | Thu | Fri |
| 7 | 14 | 21 | 28 | | Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |

The year becomes new, the day becomes holy, when you sanctify it by spiritual discipline, not otherwise. - Sri Sathya Sai

Publication Date : 20/01/2021
Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36
સનાતન સારથિ
Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023
RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023
Place of Posting - Vadodara

પરસ્પર સદભાવ અને સ્નેહથી, ભજન-પૂજા-ધ્યાન અને ભગવાનની મહિમાનું ગાન અને તેમના ઉપદેશોનું મનન-ચિંતન કરતા રહો. નિરર્થક વાતો કર્યા કરવા કરતા, જે પણ સમય મળે તેમાં ઈશ્વર વિશે જ વિચારો. વ્યતિત કરેલો સમય પાછો મેળવી શકાતો નથી. જે સમય આવનારો છે તે ચોક્કસપણે તમારો જ છે-તમને મળશે જ તેની કોઈ બાહેંધરી નથી. માટે દરેક ક્ષણને આનંદમાં પલટાવો. જે ક્ષણ, તમારી પાસે હાલમાં હજુય છે તેને શુદ્ધ અને પવિત્ર બનાવો. વીતી ગયેલા અને આવતી કાલે આવનારા દિવસોને છોડી દો. જે કરવા જેવું છે તે આજે જ કરી લો.

મારા, તમને બધાને નવા વર્ષના આ જ આશીર્વાદ છે.

બાબા.

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.
મો.: ૮૨૩૮૫૮૫૬૫૩